# BOK-S/BOK
## PROVISIONAL ANSWER KEY

**Name of the post** **Deputy Section Officer / Deputy Mamlatdar, Class-3**

**Advertisement No.** **127/2024-25, 08/2025-26**

**Preliminary Test Held On** **07-09-2025**

**Que. No** **001-200**

**Publish Date** **18-09-2025**

**Last Date to Send Suggestion (s)** **22-09-2025**

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 19-09-2025; 10:00 AM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) Candidates have to pay fees of Rs.100/- for each objection. The fees can be paid from the link given herewith.

(2) The Candidate will be able to submit objection only after payment of the fees. The generation of the receipt will only be considered as final submission.

(3) The Candidate must retain the receipt of the payment of the fees. The fees, once paid, will not be refunded under any circumstances.

(4) All the objections should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical or submission through any other means will not be considered.

(5) All objections are to be submitted with reference to the Master Question Paper published with provisional answer key, published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question No. & options of the Master Question Paper. Objections regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(6) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted objections are differed.

(7) Supportive document to the objection must be uploaded, without which objection will not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે દરેક વાંધા દીઠ રૂપિયા ૧૦૦/-ફી ભરવાની રહેશે. જે ફી આ સાથે આપેલ લીંક ઉપરથી ભરી શકાશે.

(2) ફી ભર્યા બાદ જ વાંધો સબમીટ થઈ શક્શે. ફી ભર્યાની આખરી પહોંચ જ આખરી સબમીશન ગણાશે.

(3) ફી ભર્યાની પહોંચ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે. એક વાર ભરેલ ફી કોઈ પણ પરિસ્થિતિમાં પરત આપવામાં આવશે નહિ.

(4) વાંધા ફક્ત **ઓનલાઈન ઓબ્જેકશન સબમીશન સીસ્ટમ** દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ, ટપાલ અથવા ઈ-મેઈલ કે અન્ય કોઈ રીતે આયોગને મોકલવામાં આવેલ વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(5) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં, તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર) ના પ્રશ્નક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા. માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં.

(6) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા ધ્યાને લેવાશે નહીં.

(7) વાંધા માટે સંદર્ભ જોડવો આવશ્યક છે, જેના વિના વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં.

Website link for online objection submission system: https://www.formonline.co.in/GPSC_TRACK/SearchPage.aspx

1. દક્ષિણ ગુજરાતમાં સિંધુ ખીણની સંસ્કૃતિની વસાહતો પ્રકાશમાં આવી હોય તેવાં સ્થળો ક્યાં છે?

   1. ભાગાતળાવ
   2. મહેગામ
   3. તેલોદ
   4. આટકોટ

   નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) 1, 2, 3 અને 4
   (B) ફક્ત 2, 3 અને 4
   (C) ફક્ત 1, 2 અને 3
   (D) ફક્ત 4

2. પ્રાચીન ભારતમાં 'વિતસ્તા' નામે ઓળખાતી નદી આજે ક્યા નામે ઓળખાય છે?

   (A) સતલજ
   (B) રાવી
   (C) ઝેલમ
   (D) બિયાસ

3. મૌર્યકાળના સમય સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

   1. 'કૌટિલ્યનું અર્થશાસ્ત્ર' પ્રાકૃત ભાષામાં લખાયેલું છે.
   2. મૌર્યકાળ દરમિયાન ચાર વર્ણો અને ચાર આશ્રમોનો આદર્શ પ્રચલિત હતો.

   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

   (A) ફક્ત 1
   (B) ફક્ત 2
   (C) 1 અને 2 બંને
   (D) બંનેમાંથી એક પણ નહિ

4. દક્ષિણાપથના સાતવાહન વંશના રાજાઓ અને તેમના વંશ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

   1. સાતવાહન વંશના રાજાઓ મુખ્યત્વે ક્ષત્રિય વર્ણના હતા.
   2. સાતવાહન વંશનો ગૌતમી શાતકર્ણી ખૂબ પરાક્રમી રાજા હતો.

   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

   (A) ફક્ત 1
   (B) ફક્ત 2
   (C) 1 અને 2 બંને
   (D) બંનેમાંથી એક પણ નહિ

5. અનુગુપ્તકાલીન સાહિત્યના કર્તા અને તેમનાં સાહિત્યનાં જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

| કર્તા | સાહિત્ય |
|---|---|
| a. ભારવિ | 1. માલતિમાધવ |
| b. ભટ્ટી | 2. રત્નાવલી |
| c ભવભૂતિ | 3. કિરાતાર્જુનીય |
| d. કવિ હર્ષ | 4. રાવણવધ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 2 | 3 | 1 | 4 |

6. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રામાનુજાચાર્યે 'વિશિષ્ટાદ્વૈત'નો પ્રચાર કર્યો.

2. નિબાંકાચાર્ય દ્વૈતાદ્વૈતમતની સ્થાપના કરી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

7. 'જાતિ પાંતિ પૂછે નહિ કોઈ, હરિ કો ભજે સો હરિકા હોઈ' પ્રસ્તુત પંક્તિ ભક્તિ આંદોલન સાથે સંકળાયેલ કયા સંતની છે?

(A) સંત તુલસીદાસ
(B) સંત વલ્લભાચાર્ય
(C) સંત રામાનંદ
(D) ચૈતન્ય મહાપ્રભુ

8. મરાઠા શાસન દરમિયાન જાણીતા બનેલા 'ચોથ' અને 'સરદેશમુખી' વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 'સરદેશમુખી' એટલે સરકારી આવકના 1/10 ટકા ભાગનો હિસ્સો

2. મરાઠા શાસનમાં પોતાના રાજય તેમજ પડોશી રાજય પાસેથી પણ 'ચોથ' ઉઘરાવવામાં આવતી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

9. સોલંકીકાળના રાજવહીવટ અંગે નીચેનામાંથી ખોટા વિધાનનો વિકલ્પ પસંદ કરો:

(A) રાજાના અધિકારીઓમાં મહામાત્ય સહુથી ઉચ્ચ સ્થાન ધરાવતો હતો.

(B) રાજયના મુખ્ય વહીવટી વિભાગને 'મંડલ' કહેતા.

(C) નગરોનો વહીવટ રાજા પોતે કરતો હતો.

(D) રાજ્યની આવકનું મુખ્ય સાધન જમીનમહેસૂલ હતું.

10. મધ્યકાલીન સમયના ગુજરાતનાં મંદિર અને તેનાં સ્થળનાં જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

| મંદિર | સ્થળ |
|---|---|
| a. કોટાયનું શિવમંદિર | 1. પ્રાચી |
| b. ત્રિનેત્રેશ્વર શિવાલય | 2. કુંભારિયા |
| c. સંભવનાથ મંદિર | 3. તરણેતર |
| d. ધર્માદિત્ય મંદિર | 4. કચ્છ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 4 | 2 | 3 | 1 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 2 | 3 | 1 | 4 |

11. મધ્યકાલીન ચિત્રકલા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જહાંગીર માનવસૌંદર્યનાં ચિત્રોનો ચાહક હતો.

2. રાજપૂત ચિત્રકલાના રાજસ્થાની અને પહાડી એમ બે ભાગ પડે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

12. સલ્તનતકાળના વહીવટદારો અને તેમની જવાબદારીનાં જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

| વહીવટદારો | જવાબદારી |
|---|---|
| a. શિકદાર | 1. કર ઉઘરાવનાર |
| b. મુશરિફ | 2. ખેતી વિષયક જવાબદારી |
| c. આમિલ | 3. પ્રાદેશિક વિભાગોનો વડો |
| d. કાનૂનગો | 4. પરગાણાનો વહીવટી વડો |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 3 | 1 | 4 | 2 |
| (D) | 2 | 3 | 4 | 1 |

13. મુઘલકાળમાં સિક્કાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ સમયગાળા દરમિયાન 'કોરી'નું ચલણ હતું.

2. તાંબાના સિક્કા 'ઢીંગલો', 'દોકડો', કે ત્રાંબિયો નામે ઓળખાતા.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

14. સામાજિક-ધાર્મિક સુધારણાના આંદોલન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આત્મીયસભામાંથી બ્રહ્મોસમાજની શરૂઆત થઈ.

2. વેદસમાજની સ્થાપના મુંબઈમાં થઈ.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

15. વિદેશમાં ચાલતા ક્રાંતિકારી આંદોલન અને ક્રાંતિકારીઓ દ્વારા શરૂ થયેલાં સામયિકોનાં જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

| ક્રાંતિકારીઓ | સામયિક |
|---|---|
| a. શ્યામજી કૃષ્ણ વર્મા | 1. મુક્તહિન્દ (ધી ફ્રી હિન્દુસ્તાન) |
| b. મેડમ ભીખાયજી કામા | 2. ગદર |
| c. તારકનાથ | 3. વંદે માતરમ |
| d. હરદયાળ | 4. ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 4 | 3 | 1 | 2 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 2 | 4 | 3 | 1 |

16. જલિયાંવાલા બાગ હત્યાકાંડ સંબંધિત ઘટનાઓ અને પગલાંનો સાચો ક્રમ દર્શાવતા વિધાનનો વિકલ્પ પસંદ કરો.

(A) 1. માઇકલ ઓડવાયરે ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલની ધરપકડ કરી 2. જનરલ ડાયર દ્વારા ગોળીબાર 3. રવીન્દ્રનાથ ટાગોરે નાઇટહૂડનો ખિતાબ પરત આપ્યો 4. અસહકાર આંદોલનની શરૂઆત.

(B) 1. જનરલ ડાયર દ્વારા ગોળીબાર 2. રૉલેટ કાયદાનું વિરોધ પ્રદર્શન 3. ગાંધીજીની ધરપકડ 4. કૉંગ્રેસ દ્વારા હંટર કમિટી રચના.

(C) 1. રૉલેટ અધિનિયમ પસાર 2. લાહોર, ગુજરાનવાલા વગેરેમાં તોફાનો 3. ટાગોરે ગાંધીજીને પત્ર લખ્યો 4. ડાયરને ઇંગ્લૅન્ડમાં તલવાર અને ફંડ મળ્યું.

(D) 1. કૉંગ્રેસે અવ્યવસ્થાના વિરોધમાં હડતાળનો નિર્ણય લીધો 2. ગુજરાનવાલા, શેખપુરા વગેરેમાં માર્શલ લૉ લાગુ 3. ગાંધીજીએ સંપૂર્ણ સ્વરાજ્યની માંગ ઉઠાવી 4. રૉલેટ અધિનિયમ પાછો ખેંચાયો.

17. આઝાદ હિન્દ ફોજ અને કામચલાઉ સરકાર વિશે નીચેનાં વિધાનોમાંથી કયું સાચું નથી?

(A) આઝાદ હિન્દ ફોજની સ્થાપના સુભાષચંદ્ર બોઝે કરી હતી

(B) કામચલાઉ સરકાર દ્વારા રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ' સ્વીકારવામાં આવ્યું

(C) કામચલાઉ સરકારનું સિંગાપુરમાં ઉદઘાટન કરવામાં આવ્યું

(D) કામચલાઉ સરકારે ઇંગ્લેન્ડ અને અમેરિકા સામે યુદ્ધની ઘોષણા કરી

18. પ્રારંભિક વૈદિક સમાજમાં મુખ્ય પુરોહિત વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મુખ્ય પુરોહિત ખૂબ જ મહત્વપૂર્ણ હતા, તેમણે પોતાના બલિદાન દ્વારા શાંતિ અને યુદ્ધના વિજયમાં આદિજાતિની સમૃદ્ધિ સુનિશ્ચિત કરી હતી.
2. તેઓ નાના અભિયાનો અને પશુઓના હુમલાઓનો હવાલો સંભાળતા હતા.
3. તેઓ જાદુઈ વિધિઓ કરી અને વિજયના મંત્રોચ્ચાર કરતા હતા.
4. તેઓ દ્વારા યુદ્ધ પહેલાં અને પછી વિધિ કરવામાં આવતી હતી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3

(D) ફક્ત 1, 3 અને 4

19. 'કુરુક્ષેત્ર' નામે લખાયેલી કૃતિઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 'કુરુક્ષેત્ર' એ ન્હાનાલાલે કરેલો મહાકાવ્યનો પ્રયોગ છે.
2. 'કુરુક્ષેત્ર' નામે દર્શકે નવલકથા લખેલી છે.
3. 'કુરુક્ષેત્ર' નામે સુંદરમે ટૂંકીવાર્તા લખેલી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2

(C) ફક્ત 1

(D) 1, 2 અને 3

20. ગુજરાતનાં તીર્થધામો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કાયાવરોહણ એ પાશુપત સંપ્રદાયનું પવિત્ર તીર્થધામ છે.
2. ભૃગુઋષિનો આશ્રમ સાબરમતી નદીના કાંઠે આવેલો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

21. ગુજરાતનાં યાત્રાધામોનાં સ્થળ અને તેનાં જિલ્લાનાં જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદકરો:

| સ્થળ | જિલ્લો |
|---|---|
| a. ભોયણી | 1. કચ્છ |
| b. ભદ્રેશ્વર | 2. મહેસાણા |
| c. સંજાણ | 3. આણંદ |
| d. ખંભોળજ | 4. વલસાડ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 3 | 1 |
| (B) | 3 | 2 | 1 | 4 |
| (C) | 2 | 1 | 4 | 3 |
| (D) | 4 | 3 | 2 | 1 |

22. સુધારક યુગના ગુજરાતી સાહિત્યનાં સામયિકોનાં સંપાદક અને સામયિકોનાં જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

| સંપાદક | સામયિક |
|---|---|
| a. કરસનદાસ મૂળજી | 1. રાસ્તગોફતર |
| b. નર્મદ | 2. ગુજરાતી |
| c. ઇચ્છારામ દેસાઇ | 3. ડાંડિયો |
| d. દાદાભાઈ નવરોજી | 4. સત્યપ્રકાશ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 2 | 1 | 3 | 4 |
| (D) | 4 | 3 | 2 | 1 |

23. મધ્યકાલીન સમયમાં સંગીત વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સલ્તનતકાળમાં ભારતીય સંગીત ક્ષેત્રે તાનસેનનું પ્રદાન નોંધપાત્ર છે.

2. રાજા માનસિંહે 'દ્રુપદ' ગાયકીનો વિકાસ કર્યો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

24. પ્રાચીન ભારતની શિલ્પકલા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મથુરા અને અમરાવતી શૈલીની શિલ્પકૃતિઓમાં માનવશિલ્પનું પ્રાધાન્ય રહેલું છે.
2. મથુરા કલા મૌર્યકાળથી ખીલી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

25. 1930થી 1948 દરમિયાન ગુજરાતી સાહિત્ય પર મહાત્મા ગાંધીના પ્રભાવ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ સમયગાળાના લેખકો ગાંધીવાદી આદર્શોથી પ્રભાવિત હતા અને સ્વતંત્રતા ચળવળમાં સક્રિયપણે ભાગ લેતા હતા.
2. આ યુગનું સાહિત્ય ફક્ત શહેરી મુદ્દાઓ અને ઉચ્ચ વર્ગના મુદ્દાઓ પર કેન્દ્રિત હતું.
3. ઝવેરચંદ મેઘાણી અને પન્નાલાલ પટેલ જેવા લેખકોએ તેમની કૃતિઓમાં ગ્રામીણ ગુજરાતને મહત્વ આપ્યું.
4. ગાંધીવાદી પ્રભાવ હેઠળ સામાજિક સુધારા, ખાસ કરીને દલિત અને મહિલાઓ એક મુખ્ય વિષય બન્યા.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2, 3 અને 4

26. ગૌતમ બુદ્ધ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેઓ ગૌતમ ગોત્રના અને મહાવીરના સમકાલીન હતા.
2. તેમણે વેદોનો સ્વીકાર કર્યો.
3. પીપળાના ઝાડ નીચે બેસીને તેમણે પરમ જ્ઞાન પ્રાપ્ત કર્યું.
4. જ્ઞાન પ્રાપ્તિ પછી, તેઓ બુદ્ધ, તથાગત અને શાક્યમુનિ તરીકે જાણીતા થયા.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 3 અને 4
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 4
(D) 1, 2 , 3 અને 4

27. ગુજરાતના કયા સોલંકી શાસકને ગઝનીના મહમૂદ દ્વારા લૂંટાયા પછી પથ્થરમાંથી સોમનાથ મંદિરનું પુનર્નિર્માણ કરવાનો શ્રેય આપવામાં આવે છે?

(A) કુમારપાલ

(B) ભીમદેવ પહેલો

(C) સિદ્ધરાજ જયસિંહ

(D) મૂળરાજા

28. ભારતીય સંઘીય વ્યવસ્થાને તેની મજબૂત કેન્દ્રીકરણ વૃત્તિઓને કારણે "અર્ધ-સંઘીય" તરીકે વર્ણવવામાં આવી છે. નીચેનામાંથી કઈ વિશેષતા સંઘીય વ્યવસ્થાનું લક્ષણ છે?

(A) અનુચ્છેદ 3 હેઠળ રાજ્યની સીમાઓનું પુનર્ગઠન કરવાની સંસદની સત્તા

(B) રાજ્ય વહીવટમાં અખિલ ભારતીય સેવાઓનું વર્ચસ્વ

(C) અનુચ્છેદ 163 હેઠળ રાજ્યપાલની વિવેકાધીન સત્તા

(D) કેન્દ્રમાં દ્વિગૃહી વિધાનગૃહનું અસ્તિત્વ

29. એસ.આર. બોમ્મઈ વિ. ભારત સંઘ (1994) કેસ અનેક રાજ્ય સરકારોને બરતરફ કર્યા પછી અને રાષ્ટ્રપતિ શાસન લાદ્યા પછી ઊભો થયો. સર્વોચ્ચ અદાલતે અનુચ્છેદ 356 હેઠળ જાહેરનામાઓની ન્યાયીતા પર એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો, જેનાથી કેન્દ્ર-રાજ્ય સંબંધો આકાર પામ્યા. આ કેસ કયો મહત્વપૂર્ણ સિદ્ધાંત સ્થાપિત કરે છે?

(A) પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ રાજકીય પક્ષો પર પ્રતિબંધ.

(B) અનુચ્છેદ 356 હેઠળ રાષ્ટ્રપતિ શાસનની ન્યાયિક સમીક્ષા.

(C) ભારતમાં સમલૈંગિક લગ્નોને કાયદેસર બનાવ્યા.

(D) રાષ્ટ્રીય ગ્રીન ટ્રિબ્યુનલના અધિકારક્ષેત્રની સ્થાપના.

30. એક જાહેર હિતની અરજી તમામ ચૂંટણીમાં મતદાન ફરજિયાત બનાવવાની માંગ કરે છે, કારણ કે મતદાનની ટકાવારી ઓછી છે. આ માટેનો સૌથી મજબૂત બંધારણીય વિરોધી દલીલ શું હોઈ શકે?

(A) તે અનુચ્છેદ હેઠળ વિવેકબુદ્ધિની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે.

(B) તે નાગરિક ફરજને કાનૂની જવાબદારી સાથે જોડે છે.

(C) તે અપ્રમાણસર રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોને અસર કરે છે.

(D) તે ગુપ્ત મતદાન સુરક્ષાને નબળી પાડે છે.

31. મ્યુનિસિપલ કોર્પોરેશન 'જાહેર આરોગ્ય કટોકટી'નો હવાલો આપીને પુનર્વસન વિના ઝૂંપડપટ્ટીઓ તોડી પાડે છે. કયું અધિકાર વિશ્લેષણ સૌથી સુસંગત છે?

(A) કાર્યવાહી યોગ્ય પ્રક્રિયાને અનુસરે છે અને પ્રમાણસર છે કે નહિ.

(B) ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને પૂરતું રાજકીય પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું હતું કે નહિ.

(C) રાજ્યએ આવાસ માટેના તેના નિર્દેશક સિદ્ધાંતોનું પાલન કર્યું છે કે નહિ.

(D) વૈકલ્પિક જાહેર આરોગ્ય પગલાં પહેલા પૂર્ણ કરવામાં આવ્યા હતા કે નહિ.

32. ભારતીય બંધારણના આમુખ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે વિધાનમંડળ માટે શક્તિનો સ્રોત છે.

2. તેમાં અનુચ્છેદ 368 હેઠળ સુધારો કરી શકાય છે.

3. તેને બંધારણના ઓળખપત્ર તરીકે વર્ણવવામાં આવ્યું છે.

4. તે નાગરિકોને લાગુ પાડી શકાય તેવા અધિકારો પ્રદાન કરે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 4 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 3 અને 4

33. નીચેનામાંથી કયું ભારતમાં "કાયદાના શાસન"ની વિભાવનાને પ્રતિબિંબિત કરે છે?

1. અનુચ્છેદ 14 હેઠળ કાયદા સમક્ષ સમાનતા

2. બંધારણની સર્વોચ્ચતા

3. વહીવટી કાર્યવાહીની ન્યાયિક સમીક્ષા

4. ન્યાયતંત્ર પર સંસદીય સાર્વભૌમત્વ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 1 અને 4 (D) ફક્ત 1, 3 અને 4

34. ભારતના બંધારણની નીચેની વિશેષતાઓ ધ્યાનમાં લો: Cancelled

1. ફક્ત મૂળભૂત અધિકારો જ નહીં, પણ કાનૂની અધિકારોના અમલ માટે પણ અનુચ્છેદ 226 હેઠળ રીટ જારી કરી શકે છે
2. તેના પ્રાદેશિક અધિકારક્ષેત્રમાં આવતી તમામ ગૌણ અદાલતો પર દેખરેખ
3. સમગ્ર ભારતમાં નાગરિકોના મૂળભૂત અધિકારોને લગતા કેસોમાં મૂળ અધિકારક્ષેત્ર ઉપરોક્તમાંથી કયું ફક્ત ભારતની સર્વોચ્ચ અદાલતને જ લાગુ પડે છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 3
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 2 અને 3

35. પ્રથમ બંધારણીય સુધારા અધિનિયમ (1951)ની માન્યતાને મિલકતના અધિકારમાં ઘટાડો કરવા અને વાણી સ્વાતંત્ર્ય પર પ્રતિબંધ મૂકવા બદલ પડકારવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે તપાસ કરી કે શું સંસદ મૂળભૂત અધિકારોમાં સુધારો કરી શકે છે કે કેમ? કયા કેસમાં સૌ પ્રથમ વાર અદાલતે મૂળભૂત અધિકારો સહિત બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તાને સમર્થન આપ્યું?

(A) ગોલકનાથ વિ. પંજાબ રાજ્ય
(B) શંકરી પ્રસાદ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા
(C) એ.કે. ગોપાલન વિ. મદ્રાસ રાજ્ય
(D) કેશવાનંદ ભારતી વિ. કેરળ રાજ્ય

36. ખાનગી ઉદ્યોગોમાં સ્થાનિકો માટે 100% નોકરીઓ અનામત રાખતા કાયદાને કલમ 19 (1)(જી)નું ઉલ્લંઘન કરવા બદલ પડકારવામાં આવ્યો છે. કયો બંધારણીય સિદ્ધાંત તેને અમાન્ય ઠેરવવા માટે શ્રેષ્ઠ રહેશે?

(A) પ્રમાણસરતાનો સિદ્ધાંત
(B) મૂળભૂત માળખાનો સિદ્ધાંત
(C) કાયદા સમક્ષ સમાનતા (અનુચ્છેદ 14)
(D) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો (અનુચ્છેદ 39)

37. ઇન્દ્રા સાહની વિરુદ્ધ ભારત સંઘ (1992)ના સીમાચિહ્નરૂપ કેસમાં, સર્વોચ્ચ અદાલતે મંડલ કમિશનની ભલામણોને અનુસરીને અન્ય પછાત વર્ગો (OBC) માટે અનામતની બંધારણીય માન્યતાની તપાસ કરી. અદાલતે અનામત મર્યાદા, પછાતપણાની વિભાવના અને ક્રીમી લેયરને બાકાત રાખવા સંબંધિત મહત્વપૂર્ણ સિદ્ધાંતો સ્પષ્ટ કર્યા. આ ચુકાદામાં નીચેનામાંથી કયો ચુકાદો આપવામાં આવ્યો હતો?

(A) અનુસૂચિતજાતિ/અનુસૂચિત જનજાતિ (SC/ST) માટે બઢતીમાં અનામત બંધારણીય છે.

(B) અસાધારણ પરિસ્થિતિઓ સિવાય કુલ અનામત 50%થી વધુ ન હોઈ શકે.

(C) રાષ્ટ્રપતિ શાસન દરમિયાન મૂળભૂત અધિકારો સ્થગિત કરી શકાય છે.

(D) નિર્દેશક સિદ્ધાંતો કોર્ટ દ્વારા લાગુ કરી શકાય છે.

38. કટોકટી દરમિયાન અનુચ્છેદ 21ના સંકુચિત અર્થઘટન માટે હેબિયસ કોર્પસ કેસ (ADM જબલપુર, 1976) ની ઘણીવાર ટીકા કરવામાં આવે છે. કે.એસ. પુટ્ટાસ્વામીના ચુકાદાએ તેને પરોક્ષ રીતે કેવી રીતે રદ કર્યું?

(A) કટોકટી દરમિયાન પણ મૂળભૂત અધિકારોને સ્થગિત કરી શકાતા નથી તેવું જાહેર કરીને

(B) જીવનના અધિકારમાં સ્વતંત્રતા જેવા "અવિભાજ્ય" અધિકારોનો સમાવેશ થાય છે, જે બંધારણીય લખાણની બહાર અસ્તિત્વ ધરાવે છે તેની પુષ્ટિ કરીને

(C) ન્યાયિક સમીક્ષા મૂળભૂત માળખાનો ભાગ છે તેવું જાહેર કરીને

(D) અનુચ્છેદ 19ને વિસ્તૃત કરીને ગોપનીયતાને વાણી સ્વતંત્રતાના એક પાસાં તરીકે સમાવીને

39. બંધારણમાં સમાવિષ્ટ લઘુમતીઓ અને સંઘીય રાજ્યવ્યવસ્થાના રક્ષણ સાથે સંસદ પ્રત્યે જવાબદાર સંસદીય સરકારનો સ્રોત નીચેનામાંથી કયો છે?

(A) 1918 - ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું મુંબઈ અધિવેશન

(B) 1925 - ભારતીય કોમનવેલ્થ બિલ

(C) 1927 - કોંગ્રેસના મદ્રાસ અધિવેશનનો ઠરાવ

(D) 1928 - નેહરુ સમિતિનો અહેવાલ

40. કેસ: લોકસભા ચૂંટણી દરમિયાન, 16.21 લાખ મતદારો લાયક હતા. અને 10.26 લાખ મતદારોએ મતદાન કર્યું. XYZ પક્ષના ઉમેદવાર કુલ મતદાનના 50.91% મતો સાથે જીત્યા.

પ્રશ્ન: XYZ પક્ષના ઉમેદવારને ચૂંટાયેલા જાહેર કરવાનું મુખ્ય કારણ શું હતું?

(A) ઉમેદવારે કુલ મતદાનના અડધાથી વધુ મત મેળવ્યા.

(B) ઉમેદવારે બધા સ્પર્ધકોમાં સૌથી વધુ મત મેળવ્યા.

(C) ઉમેદવારોએ કુલ લાયક મતદારોની સંખ્યાના અડધાથી વધુ મત મેળવ્યા.

(D) અન્ય પક્ષો સાથે ગઠબંધન કરાર કરવામાં આવ્યો.

41. નિવેદન: બંધારણ વ્યક્તિગત સ્વતંત્રતાઓનું રક્ષણ કરવા માટે સરકારી સત્તાઓને પ્રતિબંધિત કરે છે.

કારણ : તે નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવા માટે મૂળભૂત અધિકારોની ખાતરી આપે છે.

(A) નિવેદન અને કારણ બંને સાચાં છે, અને કારણ એ નિવેદનની સાચી સમજૂતી છે.

(B) નિવેદન અને કારણ બંને સાચાં છે, પરંતુ કારણ એ નિવેદનની સાચી સમજૂતી નથી.

(C) નિવેદન સાચું છે, પરંતુ કારણ ખોટું છે.

(D) નિવેદન ખોટું છે, પરંતુ કારણ સાચું છે.

42. નિવેદન: કટોકટીના કારણે પ્રેસની સ્વતંત્રતા સહિત નાગરિક સ્વતંત્રતાઓ સ્થગિત થઈ ગઈ. કારણ: સરકારે બંધારણની કલમ 352નો ઉપયોગ કરીને આંતરિક અશાંતિને કાબુમાં લેવા માટે

કટોકટી જરૂરી હોવાનો દાવો કર્યો હતો.

(A) વિધાન અને કારણ બંને સાચાં છે, અને કારણ એ વિધાન માટે યોગ્ય સમજૂતી છે.

(B) વિધાન અને કારણ બંને સાચાં છે, પરંતુ કારણ એ વિધાન માટે યોગ્ય સમજૂતી નથી.

(C) વિધાન સાચું છે, પરંતુ કારણ ખોટું છે.

(D) વિધાન ખોટું છે, પરંતુ કારણ સાચું છે.

43. પ્રવર્તમાન આર્થિક પરિસ્થિતિ પ્રત્યે અસંતોષના સામાન્ય વાતાવરણને ધ્યાનમાં રાખીને ઘણા નેતાઓ લોકપ્રિય આંદોલનોનું આયોજન કરે છે. નીચેના રાજકીય આંદોલનોને તેમના નેતાઓ સાથે યોગ્ય રીતે જોડો:

| આંદોલન | નેતા |
|---|---|
| a. સંપૂર્ણ ક્રાંતિ | 1. જ્યોર્જ ફર્નાન્ડિસ |
| b. રેલ્વે હડતાળ | 2. ઇન્દિરા ગાંધી |
| c. ગરીબી હટાવો | 3. જયપ્રકાશ નારાયણ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c |
|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 |
| (B) | 3 | 1 | 2 |
| (C) | 2 | 3 | 1 |
| (D) | 3 | 2 | 1 |

44. નીચેનામાંથી કયો બંધારણના અનુચ્છેદ 21નો ભાગ છે?

1. પ્રતિષ્ઠાનો અધિકાર

2. ડૉક્ટરની સહાયનો અધિકાર

3. વિદેશ જવાનો અધિકાર

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

45. ભારતના સંઘીય માળખા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતની બંધારણીય વ્યવસ્થા મૂળભૂત રીતે સંઘીય છે, પરંતુ તેમાં નોંધપાત્ર એકાત્મક તત્વો પણ સામેલ છે.

2. ભારતીય સંઘને સ્વાયત્ત રાજ્યો વચ્ચેના કોઈપણ કરાર અથવા કરારનું પરિણામ ગણી શકાય નહીં.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

46. કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા નીચેનામાંથી કયું/ક્યાં ઓડિટ કરે છે?

1. નાણાકીય અને અનુપાલન ઓડિટ (Financial and Compliance Audits)

2. શાસન, નીતિ અને સામાજિક ઓડિટ(Governance, Policy and Social Audits)

3. કામગીરી ઓડિટ અને ઇલેક્ટ્રોનિક ડેટા પ્રોસેસિંગ ઓડિટ (Performance Audit and Electronic Data Processing Audits)

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

47. પંચાયત (અનુસૂચિત વિસ્તારોનું વિસ્તરણ) અધિનિયમ, જેને PESA તરીકે ઓળખવામાં આવે છે, તે 1996માં નવ રાજ્યોના આદિવાસી પ્રદેશોમાં પંચાયતની જોગવાઈઓ લાગુ કરવા માટે ઘડવામાં આવ્યો હતો. જેમાં પાંચમા અનુસૂચિત વિસ્તારો(Fifth Schedule Areas)નો સમાવેશ થાય છે. નીચેનામાંથી કયું રાજ્ય પાંચમા અનુસૂચિત ક્ષેત્રમાં સામેલ નથી?

(A) ગુજરાત
(B) મહારાષ્ટ્ર
(C) હિમાચલ પ્રદેશ
(D) પશ્ચિમ બંગાળ

48. નીચેનામાંથી ગ્રામ પંચાયતની કઈ કઈ જવાબદારીઓ છે?

1. પાણીના સ્રોત, રસ્તા, ડ્રેનેજ સિસ્ટમ, શાળાની માળખાકીય સુવિધાઓ અને અન્ય સામુદાયિક સંપત્તિઓનું નિર્માણ અને જાળવણી.
2. સ્થાનિક કર લાદવા અને એકત્રિત કરવા.
3. ગામમાં રોજગારીની તકો ઊભી કરવાના હેતુથી સરકારી પહેલોનો અમલ કરવો.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) 1, 2 અને 3
(D) ફક્ત 2 અને 3

49. મેનકા ગાંધી વિરુદ્ધ ભારત સંઘ, 1978નો કેસ નીચેનામાંથી કઈ કલમ સાથે સંબંધિત છે:

(A) કલમ 16, તકની સમાનતા
(B) કલમ 21, વ્યક્તિની સ્વતંત્રતા અથવા વ્યક્તિગત સ્વતંત્રતા
(C) કલમ 22, નિવારક અટકાયત
(D) કલમ 25-28, અંતરાત્મા અને સ્વતંત્ર વ્યવસાયની સ્વતંત્રતા

50. સ્માર્ટ સિટી મિશન દ્વારા અપેક્ષિત સ્માર્ટ સિટી સુવિધાઓના નીચેનાં પાસાંઓ ધ્યાને લો:

1. વિસ્તાર-આધારિત વિકાસમાં મિશ્ર જમીન ઉપયોગને પ્રોત્સાહન
2. પરિવહન પર કેન્દ્રિત વિકાસ
3. વપરાશકર્તા-ચુકવણી પ્રણાલી પર શાસન આધારિત અમલ

ઉપર પૈકી કયું/કયાં પાસું/ પાસાંઓ સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 3



[Contd.

51. ભારતીય સ્વતંત્રતા અધિનિયમ, 1947 વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જ્યાં સુધી નવું બંધારણ ન બને ત્યાં સુધી, સંઘીય અને પ્રાંતીય બંને સરકારો ભારત સરકાર અધિનિયમ, 1935 દ્વારા સંચાલિત રહેશે.

2. આ કાયદાએ ભારતીય રાજ્યો પર તાજના આધિપત્યનો અંત આવ્યો.

3. મહામહિમ સંઘીય વિધાનસભાની ભલામણ મુજબ ગવર્નર-જનરલની નિમણૂક કરશે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) 1, 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) ફક્ત 2 અને 3

52. કેન્દ્રીય તકેદારી યોગ (Central Vigilance Commission )ના મુખ્ય હેતુઓ ક્યા છે?

1. સરકારી સંસ્થા દ્વારા તકેદારીના દૃષ્ટિકોણથી હાથ ધરવામાં આવેલા બાંધકામ કાર્યોનું ટેકનિકલ ઓડિટ

2. લાંચ, ભત્રીજાવાદ અને ઉચાપત સંબંધિત ચોક્કસ ફરિયાદોની તપાસ

3. દિલ્હીમાં ટેકનિકલ બાબતો અને મિલકતોના મૂલ્યાંકન અંગે CBI ને તેમની તપાસમાં મદદ કરવી.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

53. પંચાયતો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગ્રામસભામાં ગામમાં રહેતા તમામ વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

2. મધ્યવર્તી સ્તર પર પંચાયતી સમિતિ અસ્તિત્વમાં રહેશે.

3. ઓછામાં ઓછી 50% બેઠકો SC/ST શ્રેણીઓની મહિલાઓ માટે ફાળવવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2

(C) ફક્ત 3

(D) ફક્ત 2 અને 3

54. નીચેનામાંથી "પ્રમાણપત્ર"( Certificate) અને "પ્રતિબંધ" (Prohibition) આપવાના કારણો કયાં છે? Cancelled

1. નિવારક અટકાયત

2. અધિકારક્ષેત્રની ખામી

3. કુદરતી ન્યાયના નિયમોનું પાલન ન કરવું

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

55. નીચેનામાંથી ઝોનલ કાઉન્સિલના ઉદ્દેશો કયા નથી? Cancelled

1. રાષ્ટ્રીય એકીકરણને આગળ ધપાવવું.

2. કેન્દ્ર અને રાજ્યોને સહકાર અને વિચારો અને અનુભવોનું આદાનપ્રદાન કરવા સક્ષમ બનાવવું.

3. કાઉન્સિલની ભલામણોના આધારે લેવામાં આવેલા નિર્ણયોના અમલીકરણ પર દેખરેખ રાખવી.

4. સહકારનું વાતાવરણ સ્થાપિત કરવું.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1, 2 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

56. ભારત સત્તાના વિભાજનના સિદ્ધાંતનું પાલન કરે છે પરંતુ તેમાં નિયંત્રણ અને સંતુલનની પ્રણાલીઓ પણ છે. ખાસ કરીને ભારત જેવા લોકશાહીમાં આ વ્યવસ્થા શા માટે જરૂરી છે?

(A) કારણ કે ફક્ત રાષ્ટ્રપતિએ જ બધા નિર્ણયો લેવા જોઈએ.

(B) કારણ કે ન્યાયાધીશો સીધી ચૂંટાયેલી સરકારોને બદલી શકે છે.

(C) કારણ કે તે સત્તાના કેન્દ્રીકરણને અટકાવે છે અને કોઈપણ એક શાખા દ્વારા સત્તાના સંભવિત દુરુપયોગ સામે નાગરિકોના અધિકારોનું રક્ષણ કરે છે.

(D) કારણ કે સંસદ કોઈ કાયદો પસાર કરી શકતી નથી.

57. એક સાહસિક પ્રવાસી દક્ષિણ દિશામાં પોતાની યાત્રા શરૂ કરે છે. તેની મુસાફરીનો ક્રમ આ મુજબ છે: પહેલાં તે 90° જમણે વળે છે અને 10 મીટર ચાલે છે, પછી ફરીથી 90° ડાબે વળે છે અને 5 મીટર ચાલે છે, ત્યારબાદ 90° જમણે વળી 15 મીટર ચાલે છે, અચાનક તે 180° ઘૂમી જાય છે અને 20 મીટર આગળ વધે છે, છેલ્લે, તે 90° ડાબે વળી 10 મીટર ચાલે છે,તો, આટલી બધી દિશાઓ બદલ્યા પછી, તે પ્રવાસી અત્યારે કઈ દિશામાં ચાલી રહ્યો છે?

(A) પૂર્વ
(B) પશ્ચિમ
(C) ઉત્તર
(D) દક્ષિણ

★ નીચે આપેલી માહિતી ધ્યાનપૂર્વક વાંચો અને તેના આધાર પર પ્રશ્નનો 58 થી 60ના યોગ્ય ઉત્તર આપો.

P, Q, R, S, T, V અને W એમ કુલ 7 સભ્યોનું એક પરિવાર છે. તેમાથી ત્રણ સ્ત્રીઓ છે. દરેક વ્યક્તિ અલગ વ્યવસાયમાં છે:વકીલ (Lawyer), ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA), એન્જિનિયર, શિક્ષક, ડોક્ટર, આર્કિટેક્ટ અને ફાર્માસિસ્ટ.

1. કોઈ પણ સ્ત્રી ફાર્માસિસ્ટ કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નથી.
2. દરેક વ્યક્તિની આવક અલગ છે.
3. CA સૌથી વધુ આવક ધરાવે છે.
4. S (એન્જિનિયર) ની આવક V (ડોક્ટર) કરતાં ઓછી છે.
5. R (શિક્ષક) ની આવક P કરતાં વધુ અને S કરતાં ઓછી છે.
6. W ની પત્ની સૌથી ઓછી આવક ધરાવે છે.
7. T, એક અવિવાહિત સ્ત્રી છે અને તે વકીલ છે. તેની આવક Q કરતાં વધુ અને P કરતાં ઓછી છે.
8. ફાર્માસિસ્ટ ની આવક સૌથી ઓછી નથી.

58. નીચેનામાંથી કોની આવક સૌથી ઓછી છે?

(A) P
(B) Q
(C) P or Q
(D) R

59. Pનો વ્યવસાય શો છે?

(A) ફાર્માસિસ્ટ
(B) વકીલ
(C) શિક્ષક
(D) નક્કી કરી શકાય નહિ

60. કેટલા સભ્યો શિક્ષકથી ઓછી આવક ધરાવે છે?

(A) 1
(B) 3
(C) 5
(D) 4

61. નીચેના કોષ્ટક માં પ્રશ્નાર્થ (?) ની જગ્યા પર શું આવશે?

| | | | | |
|---|---|---|---|---|
| 4 | 7 | 6 | ? | 3 |
| 12 | 42 | 30 | 20 | 6 |

(A) 1
(B) 2
(C) 5
(D) 8

62. નિવેદન: C < O ≤ D = S > A ≥ P ≥ Q

આ નિવેદનના આધારે નીચે આપેલા તારણોની યોગ્યતા તપાસો:

તારણો:

(I) Q < D

(II) C < A

સાચો વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર તારણ I સાચું છે.

(B) માત્ર તારણ II સાચું છે.

(C) તારણ I અને II બંને સાચાં છે.

(D) તારણ I અને II બંને ખોટાં છે.

63. વિધાનો:

બધી ચાવીઓ સ્ટેપલર છે.

બધા સ્ટેપલર બ્લેડ છે.

કેટલીક બ્લેડ ઇરેઝર છે.

કેટલાક ઇરેઝર શાર્પનર છે.

નિષ્કર્ષ:

I. કેટલાક શાર્પનર ચાવીઓ છે.

II. બધી ચાવીઓ બ્લેડ છે.

III. કેટલાક ઇરેઝર ચાવીઓ છે.

નીચે માંથી કયો/કયા નિષ્કર્ષ સાચા છે?

(A) ફક્ત I અને II અનુસરે છે
(B) ફક્ત I અનુસરે છે
(C) ફક્ત II અનુસરે છે
(D) બધા અનુસરે છે

64. A, B, C, D, E અને F એ છ, એક અંકની પ્રાકૃતિક સંખ્યાઓ છે જેવી કે A+B=C+D=E. જો A, B, C અને D અવિભાજ્ય સંખ્યાઓ હોય તો Fની મહત્તમ કિંમત શોધો.

(A) 9

(B) 8

(C) 6

(D) 5

65. એક દુકાનદાર એક વસ્તુની છાપેલી કિંમત 30% વધારે છે અને પછી તેને 20% ઘટાડે છે. તો વસ્તુની છાપેલી કિંમતમાં શો ફેરફાર થશે?

(A) 4%નો વધારો

(B) 4%નો ઘટાડો

(C) 10%નો ઘટાડો

(D) 10%નો વધારો

★ આપેલી માહિતીનો ઉપયોગ કરીને પ્રશ્નો નં. 66થી 68ના જવાબો આપો.

I. પાંચ મિત્રો આકાશ, બિજા, કિરણ, દીપક અને ઈશા મુંબઈથી પાંચ જુદા જુદા શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને ભાવનગર ની યાત્રા પાંચ જુદા જુદા પરિવહન માધ્યમો બસ, ટ્રેન, વિમાન, કાર અને હોડી દ્વારા કરી.

II. જે વ્યક્તિ અમદાવાદ ગયો તેણે હોડી દ્વારા મુસાફરી કરી ન હતી.

III. કિરણ કાર દ્વારા સુરત ગયો અને બિજા વિમાન દ્વારા વડોદરા ગયો.

IV. દીપકે હોડી દ્વારા મુસાફરી કરી જ્યારે ઈશાએ ટ્રેન દ્વારા મુસાફરી કરી.

V. મુંબઈ બસ દ્વારા અમદાવાદ અને રાજકોટ સાથે જોડાયેલું નથી.

66. વ્યક્તિ અને પરિવહન માધ્યમનું નીચેનામાંથી કયું સંયોજન સાચું નથી?

(A) ઈશા – વિમાન

(B) કિરણ – કાર

(C) દીપક – હોડી

(D) આકાશ – બસ

67. દીપક માટે નીચેનામાંથી કયું સંયોજન સાચું છે?

(A) રાજકોટ – બસ

(B) રાજકોટ – હોડી

(C) અમદાવાદ – બસ

(D) નક્કી કરી શકાતું નથી

68. નીચેનામાંથી અમદાવાદ કોણ ગયું?

(A) ઈશા
(B) દીપક
(C) કિરણ
(D) નક્કી કરી શકાતું નથી

69. X $ Y એટલે Y એ X નો પિતા છે,

X # Y એટલે Y એ X ની માતા છે,

X & Y એટલે Y એ X ની બહેન છે,

X @ Y એટલે Y એ X નો પતિ છે.

નીચેનામાંથી કયું દર્શાવે છે કે N એ P ની દાદી/નાની છે?

(A) P & Q # M $ N
(B) P @ Q $ M # N
(C) P # Q $ N & M
(D) આમાંથી કોઈ પણ નહીં

70. તનિષ ઉત્તર દિશા તરફ મુખ રાખીને ઊભો છે. જમણી તરફ વળીને, તે 45 મીટર ચાલે છે. પછી તે ડાબી તરફ વળે છે અને 50 મીટર ચાલે છે. તે, વધુમાં, તેની જમણી તરફ 45 મીટર ચાલે છે. પછી તે ફરીથી તેની જમણી તરફ વળે છે અને 75 મીટર ચાલે છે. અંતે, તે જમણી તરફ વળે છે અને 60 મીટર ચાલે છે. તે હવે તેના પ્રારંભિક બિંદુથી કઈ દિશામાં છે?

(A) દક્ષિણ-પૂર્વ
(B) દક્ષિણ
(C) ઉત્તર-પશ્ચિમ
(D) દક્ષિણ-પશ્ચિમ

71. વિધાનો:

કેટલીક ચેનલ એ મોબાઈલ છે.

કેટલાક મોબાઈલ એ કમ્પ્યુટર છે.

કેટલાક કમ્પ્યુટર એ સ્ટેશન છે.

તારણો:

I. કેટલાક સ્ટેશન એ ચેનલ છે.

II. કેટલાક મોબાઈલ એ સ્ટેશન છે.

III. કેટલાક કમ્પ્યુટર એ ચેનલ છે.

IV. બધી ચેનલ એ સ્ટેશન છે.

ઉપરોક્ત વિધાનોના આધારે, કયાં તારણો સાચાં છે?

(A) એક પણ અનુસરતું નથી
(B) ફક્ત I અને II અનુસરે છે
(C) ફક્ત I, II અને III અનુસરે છે
(D) ફક્ત II અને III અનુસરે છે

★ નીચેની માહિતી વાંચો અને તેના આધારે પ્રશ્નનં 72થી 74ના જવાબ આપો.

છ શિક્ષકો અદિતિ, ભાવના, ચારુ, દિનેશ, ઇશા અને ફૈઝલ છ અલગ અલગ વિષયો શીખવે છે: ફિલોસોફી, એન્થ્રોપોલોજી, સાયકોલોજી, ઇકોનોમિક્સ, પોલિટિકલ સાયન્સ અને એન્વાયર્નમેન્ટલ સાયન્સ (આ જ ક્રમમાં હોવું જરૂરી નથી). તેમાં ફક્ત ચાર મહિલા વ્યાખ્યાતાઓ છે.

નીચે આપેલી માહિતીનો ઉપયોગ કરીને નીચેના પ્રશ્નોના જવાબ આપો:

1. ભાવના એન્થ્રોપોલોજી શીખવે છે.
2. કોઈપણ મહિલા વ્યાખ્યાતા ઇકોનોમિક્સ કે એન્વાયર્નમેન્ટલ સાયન્સ શીખવતી નથી.
3. અદિતિ, જે ફિલોસોફી શીખવે છે, તે સૌથી વૃદ્ધ છે.
4. ચારુ પોલિટિકલ સાયન્સ શીખવે છે અને ફૈઝલ કરતાં મોટી છે.
5. સૌથી નાની વયનો વ્યાખ્યાતા એન્વાયર્નમેન્ટલ સાયન્સ શીખવે છે, અને ઇશા સૌથી નાની નથી.
6. દિનેશ ઇકોનોમિક્સ શીખવે છે અને ચારુ કરતાં મોટો છે પણ ભાવના અને ઇશા કરતાં નાનો છે.

72. સૌથી નાની વયનું શિક્ષક કોણ છે?

(A) ચારુ (B) દિનેશ
(C) ફૈઝલ (D) ઇશા

73. ઇશા કયો વિષય શીખવે છે?

(A) સાયકોલોજી (B) પોલિટિકલ સાયન્સ
(C) ઇકોનોમિક્સ (D) એન્વાયર્નમેન્ટલ સાયન્સ

74. ઉંમર મુજબ ફૈઝલથી એક ક્રમ ઉપર મોટા શિક્ષક કોણ હશે?

(A) અદિતિ (B) ભાવના
(C) ચારુ (D) ઇશા

75. જો FIRM શબ્દને 2746 તરીકે કોડ કરવામાં આવ્યો હોય અને BOND શબ્દને 1638 તરીકે કોડ કરવામાં આવ્યો હોય, તો DRIB શબ્દને કેવી રીતે કોડ કરવામાં આવશે?

(A) 8471 (B) 3842
(C) 8342 (D) 8742

76. છ વ્યક્તિઓ મહેશ, નીરવ, ઓમ, પ્રકાશ, કૌશલ અને રવિ - વર્તુળમાં કેન્દ્ર તરફ મોં કરીને પત્તા રમી રહ્યા છે. રવિ, મહેશ અને નીરવની વચ્ચે બેઠો છે. કૌશલ, ઓમ અને પ્રકાશની વચ્ચે બેઠો છે. પ્રકાશ મહેશની તરત જ જમણી બાજુએ બેઠો છે. ઓમની તરત જ ડાબી બાજુએ કોણ બેઠું છે?

(A) રવિ
(B) મહેશ
(C) કૌશલ
(D) પ્રકાશ

77. ભરત પોતાની શાળાથી ઉત્તર દિશામાં 10 કિમી જાય છે. હવે, ડાબી બાજુ વળીને, તે 20 કિમી જાય છે અને ફરીથી ડાબી બાજુ વળીને 10 કિમી જાય છે. તે તેની શાળાથી કેટલો દૂર છે અને કઈ દિશામાં છે?

(A) 20 કિમી, શાળાથી દક્ષિણમાં
(B) 20 કિમી, શાળાથી ઉત્તરમાં
(C) 20 કિમી, શાળાથી પશ્ચિમમાં
(D) 20 કિમી, શાળાથી પૂર્વમાં

78. અનન્યા સવારે 7 કલાક માં 20 મિનીટ બાકી હતી ત્યારે તેની કઝીન મીરાને મળવા રેલવે સ્ટેશન જવા ઘરેથી નીકળે છે. તેને સ્ટેશન પહોંચવામાં 25 મિનિટ લાગે છે. તેઓ પ્લેટફોર્મ પર ચા પીવામાં અને વાતો કરવામાં 15 મિનિટ વિતાવે છે. જો તેઓ 7:55 AM વાગ્યે તેમના ગંતવ્ય સ્થાને પહોંચ્યા હોય અને ટ્રેનને ત્યાં પહોંચવામાં અમુક મિનિટોનો સમય લાગી હશે, તો તેઓ સ્ટેશન પરથી ટ્રેનમાં કયા સમયે બેઠા હતા?

(A) 7:40 AM
(B) 7:20 AM
(C) 7:45 AM
(D) 7:15 AM

79. જો ઘડિયાળમાં 12ને બદલે 6, 1ને બદલે 7, 2ને બદલે 8 આ રીતે તમામ અંક બદલવામાં આવ્યા હોય (મિનિટના અંકોમાં પણ આ ફેરફાર છે), તો સામાન્ય ઘડિયાળમાં "પાંચ વાગીને દસ મિનિટ" સમય નવી બદલાયેલ ઘડિયાળમાં શું બતાવશે?

(A) 11:10
(B) 11:40
(C) 5:10
(D) 5:40

80. AMV, BNW, COX, ?, EQZ

પ્રશ્નાર્થચિહ્નના સ્થાન પર શું આવશે?

(A) DPO
(B) DPY
(C) DYP
(D) DPZ



[Contd.

81. એક સંશોધન ઇન્ટર્નશિપ કાર્યક્રમમાં દર અઠવાડિયે પસંદ થયેલા ઉમેદવારોની સંખ્યા એક છુપાયેલા તાર્કિક ક્રમમાં આગળ વધી રહી છે. પ્રથમ પાંચ અઠવાડિયાની પસંદગીઓ ક્રમશઃ 1, 2, 4, 7 અને 11 રહી છે. જો પસંદગીઓમાં આવો જ ગુપ્ત વિકસતા ક્રમનો અનુસરન થાય, તો જણાવો કે દશમા અઠવાડિયે કેટલા ઉમેદવારો પસંદ થવાની શક્યતા છે?

(A) 35 (B) 46

(C) 37 (D) 48

82. એક છાત્ર 10 કલાકમાં એક પુસ્તક લખી શકે છે, બીજો છાત્ર એજ પુસ્તક લખવા માટે 15 કલાક લે છે. જો બંને છાત્રો મળીને એ પુસ્તક લખે, તો કેટલા કલાકમાં પુસ્તક લખાઈ જશે?

(A) 7 કલાક (B) 8 કલાક

(C) 6 કલાક (D) 9 કલાક

83. 7 વર્ષ પહેલા, રાધિકા અને તેના પતિ મયંકની ઉંમરનો સરવાળો 'અ' વર્ષ હતો. 5 વર્ષ પછી, તેમના બે બાળકો, અર્પણ અને કૃપાની ઉંમરનો સરવાળો 'બ' વર્ષ હશે. તો બધાની હાલની કુલ ઉંમરનો સરવાળો કેટલો હશે?

(A) અ + બ + 14 (B) અ + બ + 10

(C) અ + બ + 4 (D) અ + બ + 2

84. એક સંખ્યાને પાંચ ગણી કરી તે સંખ્યા ઉમેરતાં 186 થાય તો તે સંખ્યા કઈ?

(A) 28 (B) 31

(C) 34 (D) 37

85. એક વ્યક્તિ પાસે ₹10, ₹20, ₹50, ₹100 અને ₹200 ની કેટલીક નોટો છે. દરેક પ્રકારની નોટોની સંખ્યા સમાન છે. તે વ્યક્તિ પાસે કુલ ₹7,600 છે. તો વ્યક્તિ પાસે કુલ નોટોની સંખ્યા કેટલી હશે?

(A) 80 (B) 90

(C) 100 (D) 110

86. 15 ઑગસ્ટ 1947ના દિવસથી શરૂ કરીને આજ દિન સુધીમાં કુલ કેટલા લીપ વર્ષો જેને 4 વડે ભાગી શકાય છે?

(A) 19 (B) 20

(C) 21 (D) 22

87. અર્થશાસ્ત્રની મૂળભૂત સમસ્યા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અછત એટલા માટે ઊભી થાય છે કારણ કે માનવીની ઈચ્છાઓ મર્યાદિત છે પરંતુ સંસાધનો અમર્યાદિત છે.
2. પસંદગી કરવાની જરૂરિયાત એ અછતનું સીધું પરિણામ છે.
3. વૈકલ્પિક ખર્ચ (Opportunity cost) એટલે જ્યારે કોઈ પસંદગી કરવામાં આવે ત્યારે ત્યાગ કરવામાં આવેલા બીજા શ્રેષ્ઠ વિકલ્પનું મૂલ્ય.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

88. ભારતમાં વિનિવેશ નીતિ (Disinvestment Policy)ના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો: Cancelled

1. 1990ના દાયકાની શરૂઆતમાં વિનિવેશનો પ્રાથમિક ઉદ્દેશ્ય મુખ્યત્વે રાજકોષીય ખાધને ઘટાડવાનો હતો.
2. વ્યૂહાત્મક વેચાણ (Strategic sale), જ્યાં વ્યવસ્થાપન નિયંત્રણ સાથે બહુમતી હિસ્સો વેચવામાં આવે છે, તે પછીથી વિનિવેશની મુખ્ય પદ્ધતિ બની.
3. વિનિવેશમાંથી ઉત્પન્ન થયેલા ભંડોળનો ઉપયોગ ફક્ત સામાજિક ક્ષેત્રની યોજનાઓ અને મૂડી ખર્ચના ભંડોળ માટે થાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

89. ભારતમાં વસ્તીનાં વલણો (population trends) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આઝાદી પછી ભારતના વસ્તીવૃદ્ધિ દરમાં દર દાયકે સતત વધારો જોવા મળ્યો છે.
2. ભારતમાં એકંદર લિંગ ગુણોત્તર (દર 1000 પુરુષો દીઠ સ્ત્રીઓ) 1951 પછીની તમામ દાયકાવાળી વસ્તી ગણતરીઓમાં સતત ઘટતો રહ્યો છે.
3. ભારતના તમામ મુખ્ય રાજ્યોમાં કુલ પ્રજનન દર (Total Fertility Rate - TFR) રિપ્લેસમેન્ટ સ્તરથી નીચે ઘટી ગયો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 3
(D) ત્રણેમાંથી એક પણ નહિ

90. ભારતમાં જાહેર દેવા (public debt) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બાહ્ય દેવા (external debt)ની સરખામણીમાં ભારતની કુલ જાહેર દેવામાં આંતરિક દેવા (internal debt) નો નોંધપાત્ર મોટો ભાગ છે.
2. ઊંચો અને વધતો જતો જાહેર દેવા-થી-જીડીપી ગુણોત્તર (public debt-to-GDP ratio) ભારત જેવી વિકાસશીલ અર્થવ્યવસ્થા માટે તાત્કાલિક રાજકોષીય કટોકટી તરફ દોરી જાય છે.
3. માર્કેટ સ્ટેબિલાઇઝેશન સ્કીમ (Market Stabilization Scheme - MSS) બોન્ડ્સ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા તરલતાનું સંચાલન કરવા માટે બહાર પાડવામાં આવે છે અને તે જાહેર દેવાનો એક ભાગ છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

91. સુધારા પછીના સમયગાળામાં ભારતના વિદેશી વેપાર (foreign trade)નાં વલણો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 1990ના દાયકાથી વૈશ્વિક વેપારમાં ભારતનો હિસ્સો સતત વધ્યો છે.
2. છેલ્લા બે દાયકામાં ભારતના વેપારી માલની નિકાસ (merchandise exports) અને આયાત (imports) બંનેના સંપૂર્ણ મૂલ્યમાં સામાન્ય રીતે ઊર્ધ્વગામી વલણ જોવા મળ્યું છે.
3. સેવા ક્ષેત્ર (services sector) ભારત માટે ચોખ્ખા વિદેશી હૂંડિયામણ કમાનાર (net foreign exchange earner) તરીકે ઉભરી આવ્યું છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

92. ભારતના વિદેશી હૂંડિયામણ અનામત (Foreign Exchange Reserves - FER) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતના FER માં મુખ્યત્વે વિદેશી ચલણની સંપત્તિ (foreign currency assets), સોનું (gold), સ્પેશિયલ ડ્રોઇંગ રાઇટ્સ (SDRs) અને IMF સાથે રિઝર્વ ટ્રાન્ચે પોઝિશન (Reserve Tranche Position - RTP) નો સમાવેશ થાય છે.
2. FERમાં મજબૂત અને સતત વધારો હંમેશા તંદુરસ્ત અને ટકાઉ બાહ્ય ક્ષેત્રની સ્થિતિ સૂચવે છે.
3. RBI ભારતની વિદેશી હૂંડિયામણ અનામતનો રક્ષક છે અને તેને RBI અધિનિયમ, 1934 હેઠળ સંચાલિત કરે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

93. ગુજરાતમાં ખાણકામ (mining) અને ઔદ્યોગિક ક્ષેત્ર (industrial sector) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગુજરાત ભારતમાં બોક્સાઇટ (bauxite), ચૂનાના પત્થર (limestone) અને લિગ્નાઇટ (lignite)નું મુખ્ય ઉત્પાદક છે.
2. રાજ્યની ઔદ્યોગિક નીતિ મુખ્યત્વે મોટા પાયાના ઉત્પાદન એકમો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) માટે મર્યાદિત સમર્થન છે.
3. ગુજરાતમાં સંકલિત ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ઘણા પેટ્રોલિયમ, રસાયણ અને પેટ્રોકેમિકલ્સ રોકાણ પ્રદેશો (PCPIRs)ની સ્થાપના કરવામાં આવી છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

94. ગુજરાતના આર્થિક અને સામાજિક માળખાકીય વિકાસ (economic and social infrastructure development) પ્રત્યેના અભિગમને ધ્યાનમાં લેતા...

1. ગુજરાત સરકારે માળખાકીય પ્રોજેક્ટ્સ માટે જાહેર-ખાનગી ભાગીદારી (Public-Private Partnership - PPP) મોડેલનો વ્યાપકપણે ઉપયોગ કર્યો છે.
2. રાજ્યમાં ક્લાઇમેટ ચેન્જ (climate change) માટે સમર્પિત વિભાગ છે, જે કૃષિ અને દરિયાકાંઠાના વિસ્તારો સહિત વિવિધ ક્ષેત્રો પર તેની અસરને ઘટાડવા માટે નીતિઓ અમલમાં મૂકે છે.
3. ગુજરાતમાં શહેરી વિકાસ નીતિ (urban development policy) ફક્ત સ્માર્ટ શહેરો (smart cities) બનાવવા પર ભાર મૂકે છે અને ગ્રામીણ માળખાકીય સુવિધાઓ (rural infrastructure) ને અવગણે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

95. અર્થવ્યવસ્થામાં પ્રવાહિતા સરળ બનાવવા માટે આરબીઆઈ (RBI) દ્વારા 6 જૂન 2025ના રોજ તેના નાણાકીય નીતિ ઠરાવમાં નીચેનામાંથી કયું પગલું લેવામાં આવ્યું છે?

(A) રેપોમાં ઘટાડો

(B) રોકડ અનામત પ્રમાણ (CRR)માં ઘટાડો

(C) સીમાંત સ્થાયી સુવિધા(Marginal standing Facility)માં વધારો

(D) રિઝર્વ રેપોમાં ઘટાડો

96. નીચેનામાંથી ભારતમાં માંગ નાણા બજાર (call money market)નું સાધન કયું નથી?

(A) ટ્રેઝરી બિલ્સ (Treasury bills)

(B) ડિપોઝીટનું પ્રમાણપત્ર (Certificate of deposits)

(C) બેંકર સ્વીકૃતિ (Banker's acceptance)

(D) તારીખવાળી સિક્યોરિટીઝ (Dated securities)

97. નીચેનામાંથી ક્યાં પરિબળો અર્થતંત્રમાં અતિશય નાણાકીયકરણ(Excessive Financialization)માં ફાળો આપે છે?

(A) છૂટક રોકાણકારો દ્વારા શેરબજારમાં ભાગીદારીનું ઝડપી વિસ્તરણ

(B) આર્થિક વિકાસ માટે સંપત્તિના ભાવ વધારા પર નિર્ભરતા

(C) બજારમાં રોકાણ કરતાં બેંક ડિપોઝિટમાં ઘરગથ્થુ બચતમાં વધારો

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2

(D) 1, 2 અને 3

98. દેવા-થી-જીડીપી ગુણોત્તરમાં વધારા (Rising Debt-to-GDP ratio) ની નીચેની અસરોને ધ્યાને લો:

1. સોવરિન ક્રેડિટ રેટિંગ ડાઉનગ્રેડ થવાનું જોખમ વધારે છે.

2. વધુ પડતા સરકારી ઋણગ્રહણને કારણે ફુગાવામાં વધારો.

3. રોકાણકારોનો વિશ્વાસ વધ્યો જેના કારણે મૂડી પ્રવાહમાં વધારો થયો.

ઉપર પૈકી કયું/કયાં સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ઉપરોક્ત બધાં જ

(D) એક પણ નહિ

99. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કુલ મૂલ્ય વર્ધન(GVA)એ આર્થિક વૃદ્ધિનો અંદાજ કાઢવા માટે પુરવઠા બાજુનું માપ છે.

2. કુલ ઘરેલું ઉત્પાદન(GDP)એ આર્થિક વૃદ્ધિનો અંદાજ કાઢવા માટે માંગ બાજુનું માપ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

100. માંગ અને પુરવઠા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જો કોઈ વસ્તુની કિંમત વધવાની અપેક્ષા હોય તો તેની વર્તમાન માંગ ઘટશે.

2. જો કોઈ વસ્તુની કિંમત ઘટવાની અપેક્ષા હોય તો તેનો વર્તમાન પુરવઠો ઘટશે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

101. વસ્તી વિષયક સંક્રમણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જો કોઈ દેશ વસ્તી વિષયક સંક્રમણના પ્રથમ તબક્કામાં હોય તો તેની વસ્તી સ્થિર રહે છે.

2. જો કોઈ દેશ વસ્તી વિષયક સંક્રમણના ત્રીજા તબક્કામાં હોય તો તેની વસ્તી અતિ ઝડપથી વધે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

102. લેણદેણ તુલા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. દેશ દ્વારા પ્રાપ્ત થયેલા રેમિટન્સ લેણદેણની તુલના ચાલુ ખાતામાં નોંધવામાં આવે છે.

2. દેશ દ્વારા પ્રાપ્ત થયેલા વિદેશી પોર્ટફોલિયો રોકાણ (FPI) લેણદેણની તુલના મૂડી ખાતામાં નોંધાય છે.

3. દેશ દ્વારા પ્રાપ્ત થયેલા વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) લેણદેણની તુલના મૂડી ખાતામાં નોંધાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

103. બેંક રેટ વિશે નીચેનામાંથી કયું વર્ણન સાચું છે?

(A) વેપારી બેંકો દ્વારા ધિરાણ લેનારાઓ પાસેથી વસૂલવામાં આવતો વ્યાજદર

(B) વેપારી બેંકો તેમના દેવાદારોના બીલને વટાવ કરે તે વ્યાજદર

(C) વેપારી બેંકો દ્વારા તેમના થાપણદારોને ચૂકવવામાં આવતો વ્યાજદર

(D) કોઈ પણ માન્ય જામીનગીરીઓ વિના RBI અનુસુચિત વેપારી બેન્કોને લાંબાગાળાની લોન આપે છે.

104. માનવ વિકાસ સૂચકાંક (HDI) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. HDIનું સૂચક મૂલ્ય શૂન્ય અને સો વચ્ચે હોય છે.

2. દેશોને સૂચકાંક મૂલ્યને આધારે ચાર શ્રેણીઓમાં જૂથબદ્ધ કરવામાં આવ્યા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

105. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મૂડીવાદી અર્થતંત્રનો એક ફાયદો એ છે કે સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થાય છે.

2. સમાજવાદી અર્થતંત્રના ગેરફાયદામાંનો એક-ગ્રાહક સાર્વભૌમત્વનો અભાવ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

106. નીચેનામાંથી નાણાપંચની ભલામણનો કયો લાભ છે?

(A) સંસાધનોની વધુ સારી ફાળવણી

(B) પારદર્શિતા અને ઉત્તરદાયિત્વમાં વધારો

(C) નાણાકીય સંઘવાદમાં સુધારો

(D) ઉપરોક્ત બધા જ

107. માળખાગત સુવિધાઓ અને લોજિસ્ટિક્સમાં કાર્યક્ષમતા અને સુધારણા લાવવા માટે પીએમ ગતિ શક્તિ, એક ડિજિટલ પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું હતું. આ પ્લેટફોર્મની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે:

1. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના સંકલિત આયોજન અને સંકલિત અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે રેલ્વે અને રોડવેઝ મંત્રાલયોનો તેમાં સમાવેશ થાય છે.

2. તે એક ડિજિટલ પ્લેટફોર્મ છે જે વ્યવસાયોને તેમની ચોક્કસ જરૂરિયાતોના આધારે જરૂરી મંજૂરીઓ ઓળખવામાં અને અરજી કરવામાં સહાય કરવા માટે રચાયેલ છે.

3. પીએમ ગતિ શક્તિને પૂરક બનાવવા માટે, રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિ (NLP) 2022માં શરૂ કરવામાં આવી હતી.

ઉપરોક્તમાંથી કયું વિધાન ખોટું છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 3

(D) એક પણ નહિ

108. કૃષિમાં અદ્યતન ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે, કાર્યક્ષમતામાં સુધારો કરવા, પાકનું ઉત્પાદન વધારવા અને કામગીરીનો ખર્ચ ઘટાડવા માટે ડ્રોન ટેકનોલોજીથી આધુનિક ખેતી ઇકોસિસ્ટમને પરિવર્તિત કરવા માટે એક ખાસ યોજના શરૂ કરવામાં આવી છે. તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. "નમો ડ્રોન દીદી" યોજનાનો ઉદ્દેશ્ય હેતુ મહિલા સ્વ-સહાય જૂથોને સશક્ત બનાવવાનો પણ છે.
2. તેનો હેતુ નેનો-ખાતરોના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને જંતુનાશકો અને ખાતરોના ઉપયોગને શ્રેષ્ઠ બનાવવાનો પણ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

109. જળ જીવન મિશન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેનો ઉદ્દેશ્ય 2024 સુધીમાં તમામ શહેરી ઘરોને પાઇપ દ્વારા પાણી પુરવઠો પૂરો પાડવાનો છે.
2. તે ગ્રામીણ વિસ્તારોમાં સમુદાય-આગેવાની હેઠળના પાણી વ્યવસ્થાપન અને સ્રોત ટકાઉપણા પર ભાર મૂકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

110. ખાદ્ય સુરક્ષાને પહોંચી વળવા માટે ભારત સરકારે નીચેનામાંથી કઈ યોજનાઓ શરૂ કરી છે?

1. જાહેર વિતરણ વ્યવસ્થા
2. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો
3. પીએમ-કિસાન
4. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

નીચેનામાંથી ખોટો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 3
(C) ફક્ત 4
(D) ફક્ત 3 અને 4

111. કાયાકલ્પ અને શહેરી પરિવર્તન માટેનું અટલ મિશન નાગરિકોને નીચેના ઉદ્દેશ્યો સાથે લાભ આપી રહ્યું છે:

1. પાણી પુરવઠા પ્રણાલીમાં સુધારો
2. જળ સંસ્થાઓના પુનર્જીવિતકરણ દ્વારા સ્થાનિક જળ સંસાધનોમાં વધારો કરીને, ભૂગર્ભજળ રિચાર્જમાં વધારો
3. પારગમ્ય ભીની/લીલી જગ્યાઓમાં વધારો (પાણી શોષાય તેવી હરિયાળી જગ્યાઓ)
4. ગંદા પાણીના રિસાયક્લિંગ અને પુનઃઉપયોગને પ્રોત્સાહન
5. ઊર્જા કાર્યક્ષમતા સુધારાઓનો અમલ

ઉપર પૈકી કયો/કયા ઉદેશ્ય/ ઉદ્દેશ્યો સાચો/સાચા છે?

(A) ફક્ત 1, 3 અને 5

(B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 3

(D) 1, 2, 3, 4 અને 5

112. નીચેનામાંથી કયું ભારતના એકીકૃત ભંડોળમાં સમાવિષ્ટ નથી?

(A) કર-મહેસૂલ (tax revenue)

(B) સરકારે લીધેલી લોન (loans raised by the government)

(C) ભારતના જાહેર ખાતાંઓ (public accounts of India)

(D) કરવેરા સિવાયની આવક (non tax revenue)

113. ભારતીય રિઝર્વ બેંક દ્વારા સંચાલિત ભારતના વિદેશી વિનિમય ભંડાર(Foreign Exchange Reserves)માં નીચેનામાંથી કયાનો સમાવેશ થાય છે?

1. વિદેશી ચલણ સંપત્તિ
2. સોનું
3. ખાસ ડ્રોઇંગ રાઇટ્સ
4. રિઝર્વ ટ્રેન્ચ પોઝિશન

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

114. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા)ના ઉદ્દેશ્યો કયા છે?

1. નિર્ધારિત ગુણવત્તા અને ટકાઉપણાની ઉત્પાદક સંપત્તિનું નિર્માણ

2. ગરીબોના આજીવિકા સંસાધન આધારને મજબૂત બનાવવો

3. સામાજિક સમાનતા સક્રિય રીતે સુનિશ્ચિત કરવી

4. પંચાયતી રાજ સંસ્થાઓ (PRIs) ને મજબૂત બનાવવી

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

115. નીચેનામાંથી SEZ કાયદાના મુખ્ય ઉદ્દેશ્યો કયા છે?

1. વધારાની આર્થિક પ્રવૃત્તિનું નિર્માણ

2. ફક્ત સેવાઓની નિકાસને પ્રોત્સાહન

3. ફક્ત વિદેશી સ્રોતોમાંથી રોકાણને પ્રોત્સાહન

4. માળખાકીય સુવિધાઓનો વિકાસ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 2, 3 અને 4
(D) ફક્ત 1 અને 4

116. ભારત સરકારની મહેસૂલ આવકમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે?

1. જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલ ડિવિડન્ડ.

2. અન્ય લોકોને આપવામાં આવેલી લોનની વસુલાત.

3. ભારત સરકાર દ્વારા આપવામાં આવતી સેવાઓ માટે ફી અને અન્ય રસીદો.

4. વિદેશી દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી રોકડ ગ્રાન્ટ-ઇન-એઇડ.

5. PSU ડિસઇન્વેસ્ટમેન્ટથી થતી આવક.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3, 4 અને 5

(B) ફક્ત 2, 3 અને 5

(C) ફક્ત 1, 3 અને 4

(D) ફક્ત 1, 2, 3 અને 4

117. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પૃથ્વી સૂર્યથી ત્રીજો ગ્રહ છે અને વસવાટ યોગ્ય ક્ષેત્રમાં આવેલો છે.

2. શુક્ર એ મંગળ કરતાં કદમાં પૃથ્વીથી વધુ સમાન જ છે, પરંતુ તેમાં ચુંબકીય ક્ષેત્રનો અભાવ છે.

3. એસ્ટરોઇડ પટ્ટો પાર્થિવ અને જોવિયન ગ્રહોને અલગ કરે છે.

ઉપર પૈકી કયાં વિધાનો ખોટાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) ત્રણેયમાંથી એક પણ નહિ

118. ગેડ (ફોલ્ડ) પર્વતો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. હિમાલય અને રોકીઝ જૂના ગેડ પર્વતોના ઉદાહરણો છે.

2. ગેડ પર્વતો તીવ્ર ભૂકંપ અને જ્વાળામુખી પ્રવૃત્તિ ક્ષેત્રો સાથે સંકળાયેલા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

119. વાતાવરણના બંધારણના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. નાઇટ્રોજન અને ઓક્સિજન પછી આર્ગોન વાતાવરણમાં ત્રીજો સૌથી વધુ વિપુલ પ્રમાણમાં રહેલ વાયુ છે.

2. ભેજ(સાપેક્ષ આર્દ્રતા)ની ટકાવારી ઊંચાઈ સાથે વધે છે અને મધ્યાવરણમાં સૌથી વધુ છે.

3. કાર્બન ડાયોક્સાઇડ પાર્થિવ વિકિરણોના શોષણ દ્વારા પૃથ્વીના તાપમાનને નિયંત્રિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો ખોટું /ખોટાં છે?

(A) ફક્ત 3

(B) ફક્ત 2

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

120. વાતાવરણીય દબાણ અને પવનની ગતિની નીચે આપેલ લાક્ષણિકતાઓમાંથી કઈ સાચી છે?

1. દબાણ પટ્ટાઓનું નિર્માણ મુખ્યત્વે પૃથ્વીની સપાટીનું વિભિન્ન રીતે ગરમ થવાના કારણે થાય છે.
2. કોરિઓલિસ બળ ઉત્તર ગોળાર્ધમાં પવનોને ડાબી બાજુ વાળે છે.
3. જેટ સ્ટ્રીમ્સ સાંકડા વિસ્તારમાં પ્રવાહિત, ઉચ્ચ ગતિવાળા પવનો છે, જે નીચલા સમતાપ આવરણમાં વહે છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

121. વાયુ સમુચ્ચય(Air Masses) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ખંડીય ધ્રુવીય વાયુ સમુચ્ચય સામાન્ય રીતે ઠંડા અને ભેજવાળા હોય છે.
2. દરિયાઈ ઉષ્ણકટિબંધીય વાયુ સમુચ્ચય દરિયાકાંઠાના પ્રદેશોમાં ભેજ અને ગરમી લાવે છે.
3. વાયુ સમુચ્ચયમાં ફેરફાર ત્યારે થાય છે જ્યારે વાયુ સમુચ્ચય વિવિધ સપાટીની પરીસ્થિતિઓ ધરાવતા પ્રદેશમાંથી પસાર થાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

122. નીચેનામાંથી કયું/કયાં વિધાન/વિધાનો યોગ્ય રીતે સમજાવે છે કે સમુદ્રી પ્રવાહો નજીકના દરિયાકાંઠાના પ્રદેશોના વાતાવરણને કેવી રીતે અસર કરે છે?

1. ઠંડા સમુદ્રી પ્રવાહો, જેમ કે કેલિફોર્નિયા પ્રવાહ, ઉત્તર અમેરિકાના પશ્ચિમ કિનારા પર ઠંડી અને સૂકી હવા લાવે છે.
2. બ્રાઝિલ પ્રવાહ જેવા ગરમ સમુદ્રી પ્રવાહો, દક્ષિણ અમેરિકાના દક્ષિણપૂર્વ કિનારા પર ગરમ પાણી લઈ જાય છે.
3. અલ-નીનો દરમિયાન સમુદ્રી પ્રવાહોમાં ફેરફાર, સામાન્ય રીતે ઠંડા પેરુ પ્રવાહને નબળો પાડે છે, જેના કારણે પેરુ અને ઇક્વાડોરના સામાન્ય રીતે શુષ્ક દરિયાકાંઠે અસામાન્ય ગરમી અને ભારે વરસાદ પડે છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

123. દરિયાઈ પ્રદેશની જૈવિક ઉત્પાદકતા નક્કી કરવામાં નીચેનામાંથી કયાં પરિબળો મુખ્ય ભૂમિકા ભજવે છે?

1. પ્રકાશસંશ્લેષણ માટે સૂર્યપ્રકાશની ઉપલબ્ધતા

2. ઉપર તરફ જતા પ્રવાહો જે પોષક તત્વો સપાટી પર લાવે છે

3. ઉચ્ચ ક્ષારતા અને તાપમાન, જે પ્લાન્કટોન(plankton) વૃદ્ધિમાં વધારો કરે છે

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

124. નીચેનામાંથી કયું/કયાં વિધાન/વિધાનો ખંડીય છાજલી અને ખંડીય ઢાળ વચ્ચેનો તફાવત યોગ્ય રીતે સમજાવે છે?

1. ખંડીય છાજલીઓ ખંડોના છીછરા, ડૂબી ગયેલો ભાગ છે, જ્યારે ઢોળાવ ખંડોની સાચી ધાર(છેડો) દર્શાવે છે.

2. છાજલીઓ સૂર્યપ્રકાશ અને પોષક તત્વોની ઉપલબ્ધતાને કારણે ઉચ્ચ જૈવિક ઉત્પાદકતા ધરાવતા સ્થળો છે.

3. નદીઓ દ્વારા લાવવામાં આવેલા કાંપના નિક્ષેપને કારણે સમુદ્રી ઢોળાવનું નિર્માણ થાય છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

125. નીચે આપેલા રાષ્ટ્રીય ઉદ્યાનોની જોડી અને તેમના સંબંધિત સ્થાનો ધ્યાનમાં લો:

| રાષ્ટ્રીય ઉદ્યાન | રાજ્ય |
|---|---|
| (1) વાલ્મીકિ | બિહાર |
| (2) સાયલન્ટ વેલી | કેરળ |
| (3) કાંચનજંગા | સિક્કિમ |
| (4) રણ (ડેઝર્ટ) રાષ્ટ્રીય ઉદ્યાન | ગુજરાત |

ઉપરોક્ત જોડીઓમાંથી કઈ જોડ યોગ્ય રીતે જોડાયેલી છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

126. ગુજરાત જિલ્લાઓ અને તેમના વસ્તીવૃદ્ધિના વલણો(2001-2011)નાં જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

| જિલ્લા | વૃદ્ધિ વિશેષતા |
|---|---|
| a. સુરત | 1. ઉચ્ચ સ્થળાંતર-આધારિત વૃદ્ધિ |
| b. કચ્છ | 2. ભૂકંપ પછીના પુનર્વસનને કારણે વૃદ્ધિ |
| c. ડાંગ | 3. શહેરી વિસ્તરણને કારણે મધ્યમ વૃદ્ધિ |
| d. આણંદ | 4. આદિવાસી સમુદાયોમાં કુદરતી વૃદ્ધિ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 1 | 2 | 4 | 3 |
| (C) | 2 | 1 | 4 | 3 |
| (D) | 3 | 2 | 4 | 1 |

127. વૈશ્વિક વ્યાવસાયિક માળખા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વિકસિત દેશોમાં તૃતીય આર્થિક ક્ષેત્ર કાર્યબળના સૌથી મોટા પ્રમાણને રોજગારી આપે છે.
2. તાજેતરની વસ્તી ગણતરી મુજબ ભારતનું કાર્યબળ મુખ્યત્વે પ્રાથમિક ક્ષેત્રમાં કાર્યરત છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

128. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સાગરમાલા પ્રોજેક્ટ બંદર-સંચાલિત વિકાસ અને મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
2. ભારતમાલા પ્રોજેક્ટ રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને સરહદી વિસ્તાર કનેક્ટિવિટી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
3. ગતિ શક્તિ માસ્ટર પ્લાન એ કોરિડોર આયોજન માટે લોજિસ્ટિક્સ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ મેપિંગને એકીકૃત કરે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

129. વાતાવરણીય વિક્ષેપો અને તેમની લાક્ષણિકતાઓનાં જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

| વાતાવરણીય વિક્ષેપો | લાક્ષણિકતાઓ |
|---|---|
| a. ચક્રવાત | 1. ઉચ્ચ દબાણ, સ્પષ્ટ હવામાન |
| b. એન્ટિસાયક્લોન | 2. નીચું દબાણ, તીવ્ર પવન |
| c. ટોર્નેડો | 3. ફનલ આકારનો ઝડપથી ફરતો સ્તંભ |
| d. અલ નીનો | 4. પેસિફિક મહાસાગરના પાણીનું ગરમ થવું |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 2 | 3 |
| (B) | 1 | 3 | 2 | 4 |
| (C) | 2 | 1 | 3 | 4 |
| (D) | 2 | 4 | 1 | 3 |

130. નીચેનામાંથી ભારતમાં મુખ્ય કુદરતી વનસ્પતિનાં જંગલના પ્રકાર/પ્રકારો કયા/કયાકયા છે?

1. ઉષ્ણકટિબંધીય પાનખર જંગલો

2. આલ્પાઇન જંગલો

3. શંકુદ્રુમ જંગલો

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

131. ગુજરાતની ભૌગોલિકતા વિશે નીચેનામાંથી કયું સાચું નથી?

(A) કચ્છનું રણ એક ખારું કળણ છે.

(B) કાઠિયાવાડ દ્વીપકલ્પ એક જ્વાળામુખી ઉચ્ચપ્રદેશ છે.

(C) ગિરનાર ગુજરાતનું સૌથી ઊંચું શિખર છે.

(D) સમુદ્રને મળતાં પહેલાં તાપી નદી મુખત્રિકોણ પ્રદેશ બનાવે છે.

132. વૈશ્વિક લિંગ ગુણોત્તર (Global sex ratio) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે 1000 સ્ત્રીઓએ પુરુષોની સંખ્યા છે.
2. તે સાંસ્કૃતિક, જૈવિક અને સામાજિક પરિબળોથી પ્રભાવિત છે.
3. રશિયા અને પૂર્વી યુરોપમાં પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓ વધુ છે.
4. ભારતમાં વિશ્વમાં સૌથી વધુ લિંગ ગુણોત્તર (Sex ratio) છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 2, 3 અને 4

(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1 અને 4

(D) ફક્ત 1, 3 અને 4

133. ગુજરાત સરકારે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (SC/ST) ઉત્થાન માટે નીચેનામાંથી કયાં પગલાં લીધાં છે?

1. આદિવાસી બાળકો માટે એકલવ્ય નિવાસી શાળાઓ
2. ઉચ્ચ શિક્ષણ માટે નાણાકીય સહાય
3. વન અધિકાર માન્યતા
4. ફક્ત SC માટે શહેરી આવાસ ક્વોટા

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3

(D) ફક્ત 2 અને 3

134. નીચેનામાંથી ભારતમાં મુખ્ય વંશીય જૂથો કયાં છે?

1. ઇન્ડો-આર્યન
2. દ્રવિડિયન
3. મોંગોલોઇડ્સ
4. આફ્રો-એશિયાટિક્સ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1 અને 4

(D) ફક્ત 1, 2 અને 4

135. ભારતમાં શહેરીકરણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતની શહેરી વસ્તી 30% થી વધુ છે (2011ની વસ્તી ગણતરી મુજબ).
2. પૂર્વ ભારતમાં શહેરી વૃદ્ધિ સૌથી ઝડપી છે.
3. મુંબઈ વસ્તીની દૃષ્ટિએ સૌથી મોટું મહાનગર છે.
4. ઝૂંપડપટ્ટી વૃદ્ધિ એક મુખ્ય શહેરી સમસ્યા છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 3 અને 4

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3

(D) ફક્ત 1 અને 4

136. નીચેનામાંથી સેવાક્ષેત્રની લાક્ષણિકતાઓ કઈ છે?

1. ઉચ્ચ કૌશલ્ય આવશ્યકતા
2. ઉચ્ચ સ્વયંસંચાલન (Automation)
3. વિકસિત દેશોમાં GDPમાં ઓછું યોગદાન.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

137. ભૂકંપ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભૂકંપના કેન્દ્રથી સીધા ઉપર પૃથ્વીની સપાટી પરના બિંદુને એપીસેન્ટર કહેવામાં આવે છે
2. ભૂકંપ દ્વારા અનુભવાતી ઊર્જાની તીવ્રતા રિચટર સ્કેલ પર માપવામાં આવે છે
3. ભૂકંપ સપાટીના તરંગો શરીર તરંગોની તુલનામાં વધુ વિનાશક હોય છે

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

138. આંદામાન અને નિકોબાર ટાપુઓ એક જળરાશિ દ્વારા અલગ પડે છે, તે કયા નામે ઓળખવામાં આવે છે?

(A) 8° ચેનલ
(B) 9° ચેનલ
(C) 10° ચેનલ
(D) 11° ચેનલ



[Contd.

139. નીચે આપેલાં પર્વત/ટેકરી શ્રેણી અને રાજ્યના જોડકાંમાંથી કયું જોડકું સાચું નથી?

(A) બાબા બુદાનની ટેકરી - કર્ણાટક

(B) મિકીર શ્રેણી - અસમ

(C) મૈકલ શ્રેણી - ઝારખંડ

(D) મિશ્મી શ્રેણી - અરુણાચલ પ્રદેશ

140. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ચંદ્રવિહીન સ્વચ્છ રાત્રે, ક્ષિતિજથી ક્ષિતિજ સુધી આકાશને પાર કરતી હળવા પ્રકાશની પટ્ટીને આકાશગંગા કહેવામાં આવે છે.
2. સફેદ વામન એ અત્યંત નાના તારા છે જેની ઘનતા કોઈપણ જાણીતા પાર્થિવ પદાર્થ કરતાં વધારે હોય છે.
3. લંબગોળ તારાવિશ્વોમાં સપ્રમાણ લંબગોળ અથવા ગોળાકાર આકાર હોય છે અને કોઈ સ્પષ્ટ રચના હોતી નથી.
4. નોવા એક અત્યંત ઝાંખો તારો છે જે તીવ્ર તેજમાં ફૂટે છે, પછી તેના મૂળ સ્તર પર પાછો ઝાંખો પડી જાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1

(C) ફક્ત 3 અને 4

(D) 1, 2, 3 અને 4

141. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જ્યારે પૃથ્વી સૂર્યથી ઓછામાં ઓછા અંતરે હોય છે, ત્યારે આ સ્થિતિને પેરિહેલિયન કહેવામાં આવે છે.
2. જ્યારે પૃથ્વી સૂર્યથી મહત્તમ અંતરે હોય છે, ત્યારે આ સ્થિતિને એફેલિયન કહેવામાં આવે છે.
3. વિષુવવૃત્તીય ક્ષેત્રમાં દિવસ અને રાતની લંબાઈ સમાન હોય છે.
4. જ્યારે પૃથ્વી સૂર્યથી ઓછામાં ઓછા અંતરે હોય છે, ત્યારે આ સ્થિતિને એફેલિયન કહેવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 2 અને 3

(B) ફક્ત 1

(C) ફક્ત 3

(D) 1, 2 અને 3

142. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વાતાવરણનો બીજો મુખ્ય સ્તર ક્ષોભમંડળ (ટ્રોપોસ્ફિયર) છે.

2. વાતાવરણનો સૌથી નીચો સ્તર સમતાપ આવરણ (સ્ટ્રેટોસ્ફિયર) કહેવાય છે.

3. સ્ટ્રેટોપોઝની ઉપર મધ્યાવરણ (મેસોસ્ફિયર) છે.

4. મધ્યાવરણ (મેસોસ્ફિયર)ની ઉપર વાતાવરણનો ઝોન છે જેને આયોનોસ્ફિયર કહેવાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 3 અને 4

(B) ફક્ત 1

(C) ફક્ત 1, 2 અને 3

(D) 1, 2, 3 અને 4

143. દક્ષિણ ગોળાર્ધમાં દક્ષિણપૂર્વીય વ્યાપારી પવનો અને ઉત્તર ગોળાર્ધમાં ઉત્તરપૂર્વીય વ્યાપારી પવનો વિષુવવૃત્ત નજીક એકબીજાને મળે છે. પવનોનું મિલન સ્થળને કયા નામે ઓળખાય છે?

(A) આંતર-ઉષ્ણકટિબંધીય સંગમ ક્ષેત્ર (Inter-Tropical Convergence Zone)

(B) ચોમાસાનો મોરચો (Monsoon Front)

(C) ચોમાસાનો ખાઈ (Monsoon Trough)

(D) કર્કવૃત્તીય (Tropic of Cancer)

144. શંકુદ્રુમ વન પ્રદેશ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ પ્રદેશ ટુંડ્ર તરીકે ઓળખાય છે

2. આ પ્રદેશ તાઈગા તરીકે ઓળખાય છે

3. વૃક્ષોની મુખ્ય પ્રજાતિઓમાં સ્પ્રુસ, પાઈન, લાર્ચ ફિર વગેરેનો સમાવેશ થાય છે

4. આ પ્રદેશ ઉત્તર કેનેડામાં 50°ઉત્તર અને 60°ઉત્તર અક્ષાંશ વચ્ચે વિસ્તરેલો છે

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 2, 3 અને 4

(B) 1, 2, 3 અને 4

(C) ફક્ત 3 અને 4

(D) ફક્ત 1 અને 2



[Contd.

145. નીચેનામાંથી કયું ક્યોટો પ્રોટોકોલ સાથે સંકળાયેલ છે?

(A) વન્યજીવનનું રક્ષણ

(B) ટકાઉ ખેતી

(C) ગ્રીનહાઉસ વાયુઓમાં ઘટાડો

(D) કચરાનું રિસાયક્લિંગ

146. નીચેનામાંથી કયું રાજ્ય ગ્રીન GDP અપનાવનાર પ્રથમ રાજ્ય બન્યું?

(A) છત્તીસગઢ (B) સિક્કિમ

(C) ગુજરાત (D) મેઘાલય

147. ભારતમાં નીચેનામાંથી કઈ પ્રજાતિને IUCN ગ્રીન પ્રજાતિના દરજ્જામાં સમાવિષ્ટ કરવામાં આવી છે?

(A) ચિત્તો

(B) સિંહ

(C) ગંગેય ડોલ્ફિન

(D) વાઘ

148. નીચે આપેલી સંમેલનો સંબંધિત જોડીઓમાંથી કેટલી જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે?

| સંમેલન | સબંધ |
|---|---|
| a. નગોયા સંમેલન | 1. જૈવિક વિવિધતા |
| b. મિનામાટા સંમેલન | 2. બુધ |
| c. બોન સંમેલન | 3. સ્થળાંતર કરતી પ્રજાતિઓ |
| d. સ્ટોકહોમ સંમેલન | 4. ઓઝોન |
| e. વિયેના સંમેલન | 5. સતત કાર્બનિક પ્રદૂષક - Pops |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 (B) ફક્ત 3

(C) ફક્ત 1 (D) બધી 5

149. ઇકોસિસ્ટમના અસ્તિત્વ અને કાર્ય માટે પ્રજાતિઓ વચ્ચેની જૈવિક ક્રિયા-પ્રતિક્રિયા સંબંધિત વિધાનોમાંથી કયું વિધાન સાચું છે?

(A) વરુ અને રીંછનો સામાન્ય શિકાર તરફનો અભિગમ પરસ્પરવાદ(MUTUALISM)નું ઉદાહરણ છે.

(B) એક મોટા વૃક્ષનો છાંયો નાના છોડના વિકાસને અવરોધે છે તે પરોપજીવિતા (PARASITISM) નું ઉદાહરણ છે.

(C) શાહમૃગ અને ઝીબ્રા વચ્ચેનો સહસંબંધ સહભોજિતા(COMMENSALISM)નું ઉદાહરણ છે.

(D) રણમાં કાકડી અને ટેરેન્ટુલા તટસ્થતા(NEUTRALISM)નું ઉદાહરણ છે.

150. વિસ્તૃત ઉત્પાદક જવાબદારી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે એક નીતિગત અભિગમ છે જે ઉત્પાદકોને ગ્રાહક પછીના તબક્કા સહિત સમગ્ર જીવનચક્ર દરમિયાન તેમના ઉત્પાદનો માટે જવાબદાર બનાવે છે.
2. તે ગ્રાહકો પાસેથી ભંડોળ ઉત્પન્ન કરે છે, જે કચરાના ઉત્પાદનોના સંગ્રહ, વર્ગીકરણ અને રિસાયક્લિંગ માટે ચૂકવણી કરવામાં મદદ કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

151. જોખમમાં મુકાયેલી પ્રજાતિઓમાં આંતરરાષ્ટ્રીય વેપાર પરના સંમેલન (CITES) અંગે નીચેનામાંથી કયું/ક્યાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

1. જંગલી પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિના CITES, એક આંતરરાષ્ટ્રીય કરાર છે જે વન્યજીવનમાં આંતરરાષ્ટ્રીય વેપારને નિયંત્રિત કરવા માટે રચાયેલ છે જેથી ખાતરી કરી શકાય કે તે પ્રજાતિઓને જોખમમાં ન મૂકે.
2. તે પરમિટ અને પ્રમાણપત્રો દ્વારા વેપારને નિયંત્રિત કરીને અને પ્રજાતિઓને તેમના જોખમના સ્તર અને તેમના વેપાર પર લાદવામાં આવેલા નિયંત્રણોના આધારે વિવિધ પરિશિષ્ટોમાં સૂચિબદ્ધ કરીને કાર્ય કરે છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ



[Contd.

152. 'જિયો એન્જિનિયરિંગ' શબ્દ કોની સાથે સંબંધિત છે?

(A) ભૂસ્તરશાસ્ત્ર

(B) આબોહવાતંત્ર

(C) થર્મલ ઊર્જા

(D) રેતી ખનન

153. ભારતમાં સૌર ઊર્જા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો: Cancelled

1. ભારતે 100 ગીગાવોટ સ્થાપિત(installed) સૌર ઊર્જા ક્ષમતા હાંસલ કરી છે.

2. પોલિ વિનાઇલ સેલ્સ – PVC નો ઉપયોગ વિવિધ સેમી-કન્ડક્ટર સામગ્રીથી બનેલ સોલર પેનલ્સમાં થાય છે.

3. સૌર પ્લાન્ટ માટે જમીન સંપાદન એ સૌર ઊર્જાના વિકાસ સામે મોટો પડકાર છે.

ઉપર પૈકી કયું વિધાન સાચું છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 3

(D) ઉપરોક્તમાંથી એક પણ નહિ

154. સોઇલ હેલ્થ કાર્ડમાં નીચેનામાંથી કયાં સૂક્ષ્મ પોષક તત્વો સમાવિષ્ટ છે?

(A) ઝીંક, કોપર, સલ્ફર, પોટેશિયમ

(B) આયર્ન, મેંગેનીઝ, પોટેશિયમ, બોરોન

(C) કોપર, ઝીંક, નાઇટ્રોજન, સલ્ફર

(D) મેંગેનીઝ, આયર્ન, બોરોન, ઝીંક

155. પેટ્રોલનું ઓક્ટેન રેટિંગ શું દર્શાવે છે?

(A) પ્રતિ લિટર બળતણમાં ઊર્જાનું પ્રમાણ

(B) અકાળ દહન સામે બળતણનો પ્રતિકાર

(C) પેટ્રોલની શુદ્ધતા

(D) પેટ્રોલની સ્નિગ્ધતા

156. સ્પર્શ સંવેદનશીલતા અને ચોકસાઈ વધારવા માટે સ્માર્ટફોનમાં મુખ્યત્વે નીચેનામાંથી કઈ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે?

(A) પ્રતિકારક સ્પર્શ (Resistive Touch)

(B) કેપેસિટીવ સ્પર્શ (Capacitive Touch)

(C) સપાટી એકોસ્ટિક વેવ સ્પર્શ (Surface Acoustic Wave Touch)

(D) અલ્ટ્રાસોનિક સેન્સર સ્પર્શ (Ultrasonic Sensor Touch)

157. લાઇટ ઈમિટિંગ ડાયોડ (LEDs) લાઇટિંગ અન્ય લાઇટિંગ પ્રકારો જેમ કે ઇન્કેન્ડેસેન્ટ(Incandescent) અને કોમ્પેક્ટ ફ્લોરોસન્ટ લેમ્પ (CFL) કરતાં ખૂબ જ અલગ છે. નીચેનામાંથી કયો/કયા LED અને અન્ય વચ્ચે નોંધપાત્ર તફાવત/તો છે?

1. LEDs ચોક્કસ દિશામાં પ્રકાશ ઉત્સર્જિત કરે છે, જે પ્રકાશને ફસાવી (trap કરી) શકે તેવા રિફ્લેક્ટર અને ડિફ્યુઝર્સની જરૂરિયાત ઘટાડે છે.

2. LEDs ખૂબ ઓછી ગરમી ઉત્સર્જિત કરે છે. જેની તુલનામાં, ઇન્કેન્ડેસેન્ટ(Incandescent) બલ્બ તેની 90% ઊર્જા ગરમી તરીકે મુક્ત કરે છે અને CFL તેની લગભગ 80% ઊર્જા ગરમી તરીકે મુક્ત કરે છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

158. જ્યારે બર્નર પોર્ટ આંશિક રીતે બંધ હોય છે ત્યારે ગેસ સ્ટવની જ્યોત વાદળીને બદલે પીળી કેમ થાય છે?

1. પીળો રંગ બર્નરમાં રહેલા સોડિયમ ક્ષારને કારણે હોય છે

2. અપૂરતા ઓક્સિજનને કારણે અપૂર્ણ દહન થાય છે, જેનાથી ચમકતા કાર્બન કણો ઉત્પન્ન થાય છે

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

159. સાબુના મુક્ત પરપોટા (free soap bubbles) ગોળાકાર કેમ અપનાવે છે?

(A) આંતરિક દબાણને મહત્તમ કરવા અને સ્થિર બનવા માટે

(B) કારણ કે ગુરુત્વાકર્ષણ પદાર્થને ગોળામાં ખેંચે છે

(C) સમાન સપાટી તણાવ હેઠળ આપેલ કદ માટે સપાટીનું ક્ષેત્રફળ ઘટાડવા માટે

(D) હવાના પ્રવાહો હંમેશા પરપોટાની આસપાસ સમદેશિક (Isotropic) હોવાથી

160. એક સખત પ્લાસ્ટિક એક બોટલને પાણીથી સંપૂર્ણપણે ભરીને તેને સીલ કરી અને ફ્રીઝરમાં મુકતા પાણી થીજી ગયા પછી બોટલ ઘણીવાર ફાટી જાય છે અથવા તિરાડ પડે છે. આનું મુખ્ય કારણ શું છે?

(A) થીજી ગયા પછી પાણીની ઘનતા વધે છે, જેના કારણે તે સંકોચાય છે અને બોટલની દીવાલને તોડી નાખે છે.

(B) પાણી અસામાન્ય વિસ્તરણ દર્શાવે છે - જ્યારે તે થીજી જાય છે ત્યારે તેનું કદ લગભગ 9% વધે છે - આંતરિક દબાણ ઉત્પન્ન કરે છે જે કન્ટેનર/બોટલને તોડે છે.

(C) ઓગળેલી હવા દ્રાવણમાંથી બહાર આવે છે અને સીલબંધ બોટલની અંદર ગેસ દબાણ બનાવે છે.

(D) બરફના સ્ફટિકીકરણ દરમિયાન મુક્ત થતી ઉષ્માક્ષેપક (એક્ઝોથર્મિક) ગરમી પ્લાસ્ટિકને નબળી પાડે છે અને બરડ બનાવે છે.

161. રેફ્રિજરેટર કરતાં ઓરડાના તાપમાને કેળા કેમ ઝડપથી કથ્થાઈ/કાળા (Brown) થઈ જાય છે?

(A) રેફ્રિજરેશન હવામાં ભેજ વધારે છે, ઓક્સિડેશન અટકાવે છે

(B) ઠંડીમાં કેળાની છાલના છિદ્રો બંધ થઈ જાય છે

(C) ઠંડી પોલિફેનોલ ઓક્સિડેઝ(polyphenol oxidase)ને કાયમ માટે નિષ્ક્રિય કરે છે

(D) ઊંચા તાપમાને ઉત્સેચક બ્રાઉનિંગ(Enzymatic browning) પ્રતિક્રિયાઓ ઝડપી બને છે

162. જ્યારે રસોડામાં વઘાર કરવામાં આવે છે, ત્યારે સુગંધ ઝડપથી આખા ઘરમાં ફેલાઈ જાય છે. આ ઘટના શાનું ઉત્તમ ઉદાહરણ છે?

(A) વિક્ષેપ (Dispersion)

(B) ઉત્તેજના (Advection)

(C) પ્રસરણ (Diffusion)

(D) અભિસરણ (Osmosis)

163. જ્યારે UPI એપનો ઉપયોગ કરીને QR કોડ સ્કેન કરીને સ્થાનિક દુકાન પર ચૂકવણી કરીએ ત્યારે વ્યવહારની સુરક્ષા મુખ્યત્વે શાના પર આધાર રાખે છે?

(A) પબ્લિક કી એસીમેટ્રિક ક્રિપ્ટોગ્રાફી (Public Key Asymmetric Cryptography)

(B) સિમેટ્રિક કી ક્રિપ્ટોગ્રાફી (Symmetric Key Cryptography)

(C) સ્ટેગનોગ્રાફી (Steganography)

(D) બ્લોકચેન ટેકનોલોજી (Blockchain technology)

164. હાઇ-સ્પીડ ઇન્ટરનેટ સેવાઓ ઓપ્ટિકલ ફાઇબર કેબલનો ઉપયોગ કરે છે. પ્રકાશ સિગ્નલ કેબલના મુખ્ય ભાગમાંથી ઓછામાં ઓછા નુકસાન સાથે પ્રવાસ કરે છે, જે નીચેનામાંથી ક્યાં સિદ્ધાંતને કારણે થાય છે?

(A) વિવર્તન (Diffraction)

(B) કુલ આંતરિક પ્રતિબિંબ (Total Internal Reflection)

(C) પ્રતિબિંબ (Reflection)

(D) વક્રીભવન (Refraction)

165. તાજેતરના વર્ષોમાં, ISRO એ હાથ ધરેલાં મહત્વપૂર્ણ અવકાશ સંશોધન મિશન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ચંદ્રયાન-3 ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક ઉતરાણ કરનાર પ્રથમ મિશન બન્યું.
2. આદિત્ય-L1 એ ભારતનું પ્રથમ સમર્પિત સૌર મિશન છે, જેનો હેતુ સૂર્યના કોરોના(corona)નો અભ્યાસ કરવાનો છે.
3. ગગનયાન મંગળ પર ભારતનું પ્રથમ આંતરગ્રહીય મિશન છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

166. ઈસરો (ISRO) દ્વારા વિકસાવવામાં આવેલ ભૂ-અવકાશી ડેટા પ્લેટફોર્મ, VEDASનું પૂરું નામ શું છે?

(A) વિઝ્યુઅલ અર્થ ડેટા એનાલિટિક્સ સિસ્ટમ (Visual Earth Data Analytics System)

(B) વિઝ્યુલાઇઝશન ઓફ અર્થ ડેટા એન્ડ આર્કાઇવલ સિસ્ટમ (Visualisation of Earth Data and Archival System)

(C) વિઝ્યુલાઇઝશન ઓફ અર્થ ડેટા એન્ડ એનાલિટિકલ સર્વિસ (Visualisation of Earth Data and Analytical Services)

(D) વર્ચ્યુઅલ એન્વાયર્મેન્ટ ફોર ડેટા એનાલિસીસ સિમ્યુલેશન (Virtual Environment for Data Analysis and Simulation)

167. ગેસની ગ્લોબલ વોર્મિંગ સંભવિતતાનો અંદાજ કાઢવા માટે મુખ્યત્વે કયું/કયાં પરિબળ/પરિબળો ધ્યાનમાં લેવામાં આવે છે?

1. કિરણોત્સર્ગી કાર્યક્ષમતા (Radiative efficiency)

2. વાતાવરણીય જીવનકાળ (Atmospheric Lifetime)

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

168. નીચેનામાંથી કયું હાઇડ્રોલોજિકલ ચક્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે?

1. કોરિઓલિસ બળ (Coriolis force)

2. સૂર્ય

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

169. લેંગલી(Langley) એ નીચેનામાંથી શું માપવા માટે વપરાતો એકમ છે?

(A) સૌર કિરણોત્સર્ગ

(B) વાતાવરણીય દબાણ

(C) વાદળોની જાડાઈ

(D) ઊર્ધ્વમંડળ(Stratosphere)માં ઓઝોન સાંદ્રતા

170. ઊર્ધ્વમંડળ(Stratosphere)માં ઊંચાઈ સાથે તાપમાન કેમ વધે છે?

(A) ગ્રીનહાઉસ વાયુઓની સાંદ્રતામાં વધારો થવાને કારણે

(B) વધુ ઊંચાઈએ હવાના સંકોચનને કારણે

(C) વાદળો દ્વારા સૂર્યપ્રકાશના પ્રતિબિંબને કારણે

(D) ઓઝોન પરમાણુઓ દ્વારા અલ્ટ્રાવાયોલેટ (UV) કિરણોત્સર્ગના શોષણને કારણે

171. નીચેનાં વિધાનો ધ્યાને લો:

વિધાન A: હાઇડ્રોક્સિલ રેડિકલ (OH-)ને ઘણીવાર "વાતાવરણનો ડિટર્જન્ટ" કહેવામાં આવે છે.

વિધાન R: હાઇડ્રોક્સિલ રેડિકલ ખૂબ જ પ્રતિક્રિયાશીલ છે અને વાતાવરણમાંથી મિથેન ($CH_4$), કાર્બન મોનોક્સાઇડ (CO), અને અસ્થિર કાર્બનિક સંયોજનો (VOCs) જેવા પ્રદૂષકોને દૂર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન A અને R બંને સાચાં છે અને વિધાન R વિધાન Aનું સાચું કારણ છે.

(B) વિધાન A અને R બંને સાચાં છે પરંતુ વિધાન R વિધાન Aનું સાચું કારણ નથી.

(C) વિધાન A સાચું છે, વિધાન R સાચું નથી.

(D) વિધાન A સાચું નથી વિધાન R સાચું છે.

172. પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સુધારા) નિયમો, 2021 અનુસાર વર્જિન અથવા રિસાયકલ પ્લાસ્ટિકથી બનેલી કેરી બેગ (કોથળી)ની જાડાઈ ______ માઇક્રોનથી ઓછી ન હોવી જોઈએ.

(A) 40 માઇક્રોન

(B) 50 માઇક્રોન

(C) 75 માઇક્રોન

(D) 120 માઇક્રોન



[Contd.

173. એલપીજી (લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ)માં કયો પદાર્થ ઉમેરવામાં આવે છે જેથી તેનું ગળતર થાય તો તેની ગંધથી ખબર પડે?

(A) ઇથિલ મર્કેપ્ટન (Ethyl mercaptan)

(B) ડાયમિથાઇલ ડાયસલ્ફાઇડ (Dimethyl disulphide)

(C) મિથાઇલ એમાઇન (Methyl amine)

(D) પાયરીડીન (Pyridine)

174. યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના રાષ્ટ્રપતિના કાર્યાલય અને ચૂંટણી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. દરેક નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ દર ચાર વર્ષે 20 જાન્યુઆરીએ શપથ લે છે.

2. 2017ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં હિલેરી ક્લિન્ટન સામે ડોનાલ્ડ ટ્રમ્પનો વિજય થયો હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

175. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન હેઠળ 'મિલેટ મિશન' મુખ્યત્વે જુવાર, બાજરી અને રાગી જેવા પાકોની ખેતીને નીચેનામાંથી ક્યાં કારણે પ્રોત્સાહન આપે છે?

1. જંતુ પ્રતિકારતા

2. ઉચ્ચ પોષણ મૂલ્ય/ગ્લુટેન મુક્ત

3. પાણીની ઓછી જરૂરિયાત

4. ખોરાક અને ખાદ્ય સુરક્ષા પૂરી પાડવી

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2, 3 અને 4

176. અત્યાર સુધી નીચેના ભૂતપૂર્વ વડા પ્રધાન/રાષ્ટ્રપતિઓમાંથી કોને ભારત રત્ન એવોર્ડ મળ્યો છે?

1. જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી, ચૌધરી ચરણસિંહ
2. લાલ બહાદુર શાસ્ત્રી, અટલ બિહારી વાજપેયી
3. મોરારજી દેસાઈ, રાજેન્દ્ર પ્રસાદ
4. સર્વપલ્લી રાધાકૃષ્ણન, એ.પી.જે. અબ્દુલ કલામ, પ્રણવ મુખર્જી

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1, 2 અને 4

(C) ફક્ત 1, 2 અને 3

(D) 1, 2, 3 અને 4

177. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ન્યાયાધીશ કે.એસ. પુટ્ટાસ્વામી (નિવૃત્ત) વિરુદ્ધ ભારત સંઘના કેસમાં સુપ્રીમ કોર્ટે પુનરોચ્ચાર કર્યો કે ભારતીય બંધારણના અનુચ્છેદ 21 હેઠળ ગોપનીયતાનો અધિકાર મૂળભૂત અધિકાર છે.
2. તમિલનાડુ રાજ્ય વિરુદ્ધ તમિલનાડુના રાજ્યપાલના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે જાહેર કર્યું કે રાજ્યપાલ દ્વારા ખરડાઓને મંજૂરી આપવાની અથવા રાષ્ટ્રપતિને મોકલવાની બાબતનો સમાવેશ ન્યાયિક સમીક્ષામાં થાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

178. ભારતના ચૂંટણીપંચ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બ્રિટીશ ભારતમાં કોઈ ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થા ન હોવાથી, ચૂંટણીપંચની રચના સૌ પ્રથમ વાર બંધારણસભા દ્વારા સૂચવવામાં આવી.
2. જ્યારે શ્રી ટી.એન. સેશન મુખ્ય ચૂંટણી કમિશનર હતા ત્યારે ભારતીય ચૂંટણીપંચ પહેલી વાર ત્રણ સભ્યોની સંસ્થા બની.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

179. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સ્વીડન નાટોનું છેલ્લું નવું સભ્ય બન્યું છે.

2. બાંગ્લાદેશ છાત્ર સંઘ (League) બાંગ્લાદેશની વચગાળાની સરકારને ટેકો આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

180. પાકિસ્તાન સામેના ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતે નીચેના શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો, એમાંથી કયું શસ્ત્ર સ્વદેશી રીતે બનેલું નથી?

(A) બ્રહ્મોસ મિસાઈલ

(B) આકાશ - ટૂંકી રેન્જની 'સર્ફેસ ટુ એર મિસાઇલ સિસ્ટમ'

(C) તેજસ - હળવું લડાયક વિમાન

(D) S-400 મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ

181. ભારતની વિદેશ નીતિમાં "વ્યૂહાત્મક સ્વાયત્તતા"ની વિભાવના, મુખ્ય શક્તિ જૂથો સાથે જોડાણ કરતી વખતે નીચેનામાંથી કયા ઉદ્દેશ્યને મૂળભૂત રીતે પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે?

(A) બધી જોડાણ પ્રણાલીઓથી સંપૂર્ણ અલગતા

(B) રાજકીય પ્રતિબદ્ધતાઓ વિના આર્થિક લાભોનો મહત્તમ ઉપયોગ

(C) મુદ્દા-આધારિત ભાગીદારી દ્વારા રાષ્ટ્રીય હિતોને અનુસરવાની સ્વતંત્રતા

(D) પ્રબળ વૈશ્વિક શક્તિ સાથે આપમેળે જોડાણ

182. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેના 15 સભ્યો છે, જેમાંથી 10 સભ્યો બે વર્ષની મુદત માટે ચૂંટાય છે.

2. તમામ પાંચ કાયમી સભ્યો પાસે વીટો પાવર છે.

3. ભારત ક્યારેય UNSCનું સભ્ય રહ્યું નથી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) 1, 2 અને 3

(D) ફક્ત 1

183. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સુધારા અંગે ભારતનું વલણ કઈ જરૂરિયાત પર ભાર મૂકે છે?

(A) કાયમી સભ્યપદ શ્રેણીનું સંપૂર્ણ નાબૂદી

(B) સમકાલીન વૈશ્વિક શક્તિની વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતું વિસ્તરણ

(C) તમામ સત્તા સામાન્ય સભાને હસ્તાંતરિત કરવી

(D) માળખાકીય ફેરફારો વિના વીટો પાવરનો અંત

184. કુલભૂષણ જાધવ કેસમાં, જાધવને જાસૂસીના આરોપસર મૃત્યુદંડની સજા ફટકારવામાં આવ્યા બાદ, ભારતે પાકિસ્તાન દ્વારા દૂતવાસી પહોંચ (કોન્સ્યુલર ઍક્સેસ)નો ઇનકાર કરવા સામે આંતરરાષ્ટ્રીય ન્યાયાલય (ICJ) નો સંપર્ક કર્યો. ICJ એ સંધિની જવાબદારીઓ અંગે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો. આ વિવાદ કયા આંતરરાષ્ટ્રીય કાનૂની દસ્તાવેજના ઉલ્લંઘનની આસપાસ કેન્દ્રિત હતો?

(A) ભારત અને પાકિસ્તાન વચ્ચે દરિયાઈ સીમા વિવાદો

(B) ICJ અધિકારક્ષેત્ર હેઠળ પરમાણુ પરીક્ષણ વિવાદો

(C) વિયેના કન્વેન્શન હેઠળ કોન્સ્યુલર ઍક્સેસ અધિકારો

(D) WTO ધોરણો હેઠળ વેપાર વિવાદો

185. આયુષ્માન ભારત યોજનાનો ઉદ્દેશ્ય આરોગ્ય વીમો પૂરો પાડવાનો છે. નીચેનામાંથી કયો તેના અમલીકરણમાં મુખ્ય પડકાર છે?

(A) તે બહારના દર્દીઓની સંભાળ કવરેજને બાકાત રાખે છે.

(B) ઓછા વળતર દરને કારણે ખાનગી હોસ્પિટલો ભાગ લેવાનો ઇનકાર કરે છે.

(C) તે સંપૂર્ણપણે રાજ્યો દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે.

(D) લાભાર્થીઓએ પ્રીમિયમના 50% ફાળો આપવો આવશ્યક છે.

186. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) અર્ધ-ન્યાયિક સત્તાઓ સાથે બજાર નિયમનકાર તરીકે કાર્ય કરે છે. નીચેનામાંથી કયું તેના અધિકારક્ષેત્રની બહાર છે?

(A) આંતરિક વેપારના કેસોનો નિર્ણય લેવો

(B) મ્યુચ્યુઅલ ફંડ્સ અને પોર્ટફોલિયો મેનેજર્સનું નિયમન કરવું

(C) જાહેર ક્ષેત્રની બેંકોના મર્જરને મંજૂરી આપવી

(D) કપટપૂર્ણ વેપાર પ્રથાઓ માટે દંડ લાદવો

187. ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ (NSG)માં ભારતનું સભ્યપદ મુખ્યત્વે ક્યા કારણોસર અવરોધિત કરવામાં આવ્યું છે:

(A) વ્યાપક પરીક્ષણ પ્રતિબંધ સંધિ (CTBT) પર હસ્તાક્ષર કરવાનો તેનો ઇનકાર

(B) નોન-NPT દરજ્જાને કારણે ચીનનો વિરોધ

(C) પરમાણુ સપ્લાયર્સ માટે સ્થાનિક જવાબદારી કાયદાઓ પર યુ.એસ.નો વાંધો

(D) NSG પ્રવેશને UNSC સુધારાઓ સાથે જોડવાનો ભારતનો આગ્રહ

188. ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (IBBI)ને ટીકાનો સામનો કરવો પડ્યો છે કારણ કે:

(A) તેના આદેશો વારંવાર ઉચ્ચ અદાલતો દ્વારા સ્ટે આપવામાં આવે છે.

(B) વ્યક્તિગત નાદારીના કેસોમાં તેના અધિકારક્ષેત્રનો અભાવ છે.

(C) સરકાર જાહેર હિતમાં તેના નિર્ણયોને ઓવરરાઇડ કરી શકે છે.

(D) તેની રિઝોલ્યુશન પ્રક્રિયા ઓપરેશનલ લેણદારો કરતાં નાણાકીય લેણદારોની તરફેણ કરે છે.

189. તાજેતરના વર્ષોમાં BRICS સભ્યપદનાં વિસ્તરણને ધ્યાનમાં લેતાં આ બાબત કયાં વ્યાપક ભૌગોલિક-રાજકીય વલણને પ્રતિબિંબિત કરે છે?

(A) NATO ના વિકલ્પરૂપ લશ્કરી ગઠબંધનની રચના

(B) ગ્લોબલ સાઉથના પ્રતિનિધિત્વમાં વધારો કરવા વૈશ્વિક શાસન માળખામાં સુધારો

(C) સંયુક્ત રાષ્ટ્ર પ્રણાલીનું સંપૂર્ણ સ્થાનાંતરણ

(D) વિકાસશીલ રાષ્ટ્રો માટે એક જ ચલણની સ્થાપના

190. ભારતની "પડોશી પ્રથમ" નીતિને તેના અમલીકરણમાં સૌથી નોંધપાત્ર પડકારો મુખ્યત્વે શાના કારણે થાય છે?

(A) દક્ષિણ એશિયામાં પ્રાદેશિકેતર શક્તિઓનો સ્પર્ધાત્મક પ્રભાવ

(B) આર્થિક સંબંધો કરતાં સાંસ્કૃતિક કૂટનીતિ પર વધુ પડતો ભાર

(C) પડોશી રાજ્યો સાથે ભૌગોલિક સાતત્યનો અભાવ

(D) ભારતની પ્રાદેશિક સંગઠનોમાં ભાગ લેવાની અનિચ્છા

191. આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ડિજિટલ કૂટનીતિના વધતા મહત્વથી પરંપરાગત કૂટનીતિક પ્રથાઓને સૌથી વધુ કઈ નોંધપાત્ર અસર થઈ છે?

(A) ભૌતિક દૂતાવાસોની જરૂરિયાતનો અંત

(B) જાહેર જોડાણ અને સોફ્ટ પાવર પ્રક્ષેપણ માટે નવા માર્ગોનું નિર્માણ

(C) તમામ રાજદ્વારી સંદેશાવ્યવહારને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સુધી સીમિત

(D) કૂટનીતિમાં પરંપરાગત ગોપનીયતાને અશક્ય બનાવવી

192. 86મા સુધારામાં અનુચ્છેદ 21એ (શિક્ષણનો અધિકાર) અને તેને અનુરૂપ મૂળભૂત ફરજ (અનુચ્છેદ 51એ(કે)) રજૂ કરવામાં આવી. જો કોઈ રાજ્ય અપંગ બાળકો માટે સુલભ શાળાઓ પૂરી પાડવામાં નિષ્ફળ જાય, તો કયો/કયા કાનૂની ઉપાય/ઉપાયો આ જોગવાઈઓના અમલીકરણ સાથે સુસંગત છે?

1. અનુચ્છેદ 32 હેઠળ વિકલાંગ વ્યક્તિઓના અધિકારો અધિનિયમ, 2016 સાથે વાંચવામાં આવતી અનુચ્છેદ 21(અ) ના ઉલ્લંઘન માટે રિટ અરજી.
2. અનુચ્છેદ 51(એ)(કે) ને લાગુ કરવાની માંગ કરતી પીઆઈએલ, કારણ કે મૂળભૂત ફરજો કાયદેસર રીતે બંધનકર્તા છે.
3. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગને ફરિયાદ, કારણ કે મૂળભૂત ફરજો ન્યાયપાત્ર નથી.
4. બંધારણની કલમ 226 હેઠળ વડી અદાલતમાં અરજી

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

193. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કુર્દિશ સમુદાય ઘણા દેશોમાં સ્થાયી છે; જેમ કે તુર્કી, ઈરાન, ઈરાક અને સીરિયા.
2. ઈરાન અને ઇરાકમાં શિયા મુસ્લિમો બહુમતી ધરાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ



[Contd.

194. નીચેનામાંથી કયા યુરોપિયન દેશો નાટો કે યુરોપિયન યુનિયનના સભ્ય નથી?

1. નોર્વે

2. સ્વીટ્ઝર્લેન્ડ

3. યુક્રેન

4. તુર્કી

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 4
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 2 અને 4

195. નીચેના બંધારણીય પદાધિકારીઓમાંથી કોને સંસદની બે તૃતીયાંશ બહુમતી દ્વારા તેમના પદ પરથી દૂર કરી શકાય છે અને તે સંખ્યા હાજર અને મતદાન કરતાં અડધાથી વધુ સભ્યોની હોવી જોઈએ?

1. રાષ્ટ્રપતિ

2. કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા

3. સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના ન્યાયમૂર્તિ

4. ભારતના ચૂંટણી કમિશનર

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2, 3 અને 4

196. નીચેનામાંથી કોણ એવા વડાપ્રધાન છે જેમણે સૌથી લાંબો સમય અખંડ કાર્યકાળ ભોગવ્યો છે?

(A) નરેન્દ્ર મોદી

(B) ઇન્દિરા ગાંધી

(C) જવાહરલાલ નહેરુ

(D) અટલબિહારી બાજપાઈ

197. 2025માં સીમા વિવાદને કારણે કયા દેશો વચ્ચે સશસ્ત્ર સંઘર્ષ થયો હતો?

(A) થાઈલેન્ડ અને કંબોડિયા
(B) કંપુચિયા અને વિયેતનામ
(C) ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા
(D) લાઓસ અને વિયેતનામ

198. નીચેનામાંથી કયો દેશ QUAD અને G-7 બંનેનો સભ્ય છે.

1. જર્મની
2. જાપાન
3. ફ્રાંસ
4. યુ.એસ.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 4
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 3 અને 4
(D) 1, 2, 3 અને 4

199. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અવકાશમાં જનારા પ્રથમ ભારતીય નાગરિક રાકેશ શર્મા હતા.
2. અવકાશમાં જનારા બીજા ભારતીય નાગરિક શુભાંશુ શુક્લા હતા.
3. એક કરતાં વધુ વખત અવકાશમાં મુસાફરી કરનાર ભારતીય મૂળના પ્રથમ અમેરિકન કલ્પના ચાવલા હતાં.
4. સુનિતા વિલિયમ્સ ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી છે જેમણે આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં લાંબા સમય સુધી રોકાણ સહિત અનેક મિશન પર ઉડાન ભરી છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

200. ધરાલીમાં વાદળ ફાટવાની ઘટના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ધરાલી ઉત્તરકાશી જિલ્લામાં આવેલું છે.
2. તેની નજીકનું તીર્થસ્થળ ગંગોત્રી છે.
3. તેને કારણે ખીરગંગા નદીમાં પૂર આવ્યું હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3